આતશની આરાધના

"The mortal who approaches the Fire shall have Light from the Divinity, and unto the persevering mortal the Blessed Immortals are swift."


ORACLES OF ZOROASTER.

"જે ફાની આદમી આતશની નજદીક પોહોંચે છે તેને મીનોઈ રોશની મળેછે, અને ખંતી ફાની આદમી આગળ પ્રકાશીત અમશાસ્પંદો ઝડપથી આવે છે."

જરથોસ્તના સુકનો.

કર્તા

નસરવાનજી ફરામજી બીલીમોરીઆ



આતશની આરાધના.

[દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાનાના સદ્રનશીનપણા તલે રોજ ૧૩ મો માહા ૪ થો શેહેનશાહી સને ૧૨૬૭ ને દીવસે શેહેનશાહી જરથોસ્તીઓનાં નવા આતશ બેહેરામનાં હાલમાં આપેલું ભાષણ.]

કર્ત્તા

નશરવાનજી ફરામજી બીલીમોરીયા.

મુંબઈ:

ખાસ જરથોસ્તી ટોળાના સહૃજનો માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૧૮૯૮ ઈસવી.

મુંબઈ:
નિર્ણયસાગર છાપખાનામાં છાપ્યું છે.

પ્રસ્તાવના.

સ્રઓતા ગેઉષાઇશ્ વહ઼ુસ્તા
અવએનતા સુચા મનંઘ્હા,
આવરેનાઓ વીચિથહ્યા નરેમ્
નરેમ ખ્ફ્યાઈ તનુયે,
પરા મજ઼ે યાઓંઘ્હો અઙ્હાઈ
ને સજ઼્ધાઈ બઓદન્તો પઇતી.

ગાથા અહુનવૈતી, હા૦ ૩૦ મો, ફકરો ૨ જો.

તે મ્હાન પેગંબર જરથુસ્ત્ર સાહેબ જ્યારે આ દુનિયાંમાં અહુરમજ્દનો પેગાંમ લઈ આવ્યા ત્યારે તે પેગાંમ આદમજાત સન્મુખ જાહેર કરતી વખતે તેઓ ઉપલા કલામો બોલ્યા હતા. એની મતલબ એ છે કે, દુનિયાંમાં બે રસ્તાઓ છે—એક ખોદાઈ રાહ અને બીજો જાદુગરોનો—તે વિશેનો ખોલાસો માણસોએ ધ્યાન દઇને શાંભળવો અને તેની ઉપર તેઓએ પોતાની રોશન વિચાર-શક્તિથી પુખ્ત દરીયાફ્ત કરવો. આ કલામો મારે અહીં રજુ કરવાનો સબબ એ છે કે, હું કોઈ ધર્મગુરૂ કે મોબદ નથી, હું કોઈ શમ-શુલ ઓલમા કે શીખેલો એરવદ નથી, હું કોઈ ઑર્યેન્ટલ સ્કૉલર કે અવસ્તા ભાષાનો અભ્યાસી નથી, હું કોઈ યુનીવરસીટીનો ગ્રાજ્યુએટ કે કૉલેજની ડીગ્રી પામેલો સક્ષ નથી—હું ફક્ત એક કમતરીન બેહેદીન છું. તેથી મારાં ધર્મપુસ્તકનાં વાંચનનું પરીણામ તમારી સન્મુખ રજુ કરૂં તે ઉપર તમારે તમારી રોશન વિચાર-શક્તિથી પુખ્ત દરીયાફ્ત કરવો; અને તેમ કીધા પછી તેમાં તમારાં અંતઃકરણને જે વાજબી લાગે તેની ઉપર અમલ કરવાને કે નહીં કરવાને તમો મુખ્તીયાર છો; પણ તેમાં જો કાંઈ ખામી માલમ પડે તો મારી નબલાઈ ઉપર રેહેમ દીલીથી જોવું.

જે ભાઇઓ મારી ભુલ બતાવશે તેઓનો તેમજ જેઓ આતશની બાબદ ઉપર વધારે સારી રોશની જાહેર કરશે તેઓનો હું ખરાં દીલથી એહશાન માનીશ.



આતશની આરાધના.

તમામ જગત આતશપરસ્ત.

કેટલાક લોકો જેઓ ધર્મની ફીલસુફીથી વાકેફગાર હોતા નથી તેઓ જરથોશ્તીઓને "આતશપરસ્ત" કહેછે. તેથી કેટલાક જરથોશ્તીઓ મનમાં માઠું લાવેછે, અને કેટલાકો નથી લાવતા. જો ઉપરથી દેખાતી આતશપરસ્તીના ભીતરમાં શું છે તે જાણવાની કોશેશ કરવામાં આવેતો, કદાચ "આતશપરસ્ત" કેહેવાવામાં મોટાઈ માનવામાં આવે. સબબ કે દુનીયાના તમામ મોટા ધર્મોના ભીતરમાંથી આતશપરસ્તી મળી આવશે. જ્યારે આપણુ આતશની ફીલસુફીના ઉંડાણુમાં પોંહોચીએ છીએ, અને તે પછી જ્યારે બીજા ધર્મોની ફીલસુફી તપાસીએ છીએ, ત્યારે આપણુને માલમ પડેછે કે, લગભગ આખી આલમજ **આતશપરસ્ત** છે.

પણુ આતશપરસ્તીને જો મૂર્તિપૂજારૂપે લેવામાં આવતી હોયતો દુનિયાંના સર્વ માણુસો જ્યાંસુધી ચોકસ હાલતે પોંહોચે ત્યાંસુધી મૂર્તિપૂજક છે એમ કહી શકાય; સબબ કે માણુસના મનની ખાસીયતનો અભ્યાસ કરવાથી માલમ પડશે કે, જ્યાંસુધી યોગ મારફતે ચોકસ હાલતે પોંહેચે ત્યાંસુધી મન હંમેશાં પૂજવા માટે, આરાધવા માટે, ભજવા માટે, કાંઈ ને કાંઈ રૂપ, આકાર કે મૂર્તિ શોધેછે.

તેઓના પેગંબરે ભજવા માટે કે આરાધવા માટે કાંઈ મૂર્તિ કે કેબલો આપ્યો નથી, એવું કહી જે ધર્મવાળાઓ મૂર્તિ કે કેબળાનો ઈનકાર કરેછે, તેઓ અજાણતાં ઘોરસ્તાન કે કબરસ્તાન પૂજે છે; ક્રીશ્ચીયન પ્રજા તરફ નજર કરતાં માલમ પડશે કે પ્રોટેસ્ટંટો, જેઓ વરજીન મેરીનાં પુતલાંને માન આપવાનો ઇનકાર કરે છે, તેઓ સુધાં એક લાકડાના ક્રોસને નમન કરેછે. રાજદુવારી પુરૂશો, દેશી કે પરદેશી, જેઓ પોતાને શીખેલા, કેળવણી પામેલા અને "રોશની પામેલા" (enlightened) માં ખપાવેછે, તેઓ સુધાં પુતળાં (મૂર્તિ) ના પૂજારીઓ છે; અને આ ભાશણ કીધું તેની થોડા દીવસ આગમચ સર જ્યૉર્જ બર્ડવુડની વર્ષગાંઠની તક લઈ મુંબઈના કેટલાક રાજદુવારી પુરૂશોએ યુનીવરસ્સીટીમાં ગોઠવેલાં તેનાં પુતલાં ઉપર ચઢાવાને પુલના હારો મોકલ્યા હતા, અને તેમાં પારસી અકાબરો પણ સામેલ થયા હતા. ગમે તેઓ પોતે તેને મૂર્તિપૂજા અથવા "હીરો વરશીપ" નહીં ગણે, પણ તે મૂર્તિપૂજાનો એક પ્રકાર છે એ કોઈથી ના પાડી શકાશે નહીં. જો કોઈ એમ કેહેવા માંગે કે તે હારો માત્ર સર જ્યૉર્જ બર્ડવુડના માનને ખાતર મોકલવામાં આવ્યા હતા, તો તે હાર મોકલનારાઓ સાથ પેલા હિંદુ મૂર્તિપુજકોને સરખાવીશું તો પેહેલાઓ પોતાના કામમાં પાછલાઓ કરતાં ઉતરતા પ્રકારના જણાશે, કારણ કે પેહેલાઓ જ્યારે એક માણસની આરાધના કરેછે, ત્યારે પાછલાઓ એક પ્રકાશીત હોશ (Intelligence) ની આરાધના કરેછે. વળી જેઓ એક યા બીજી જાતની મૂર્તિપુજા કે કેબલાનો ઇનકાર કરેછે તેઓ પોતે હુન્નરના કોઇ નમુનાની કે ફ્રોટોગ્રાફ કે પુતલાની પૂજા કરવાને, તેને નમવાને કે તેની આગળ પોતાની ટોપી કે પાઘડી ઉતારી તેને માન આપવાને અચકાતા નથી. પણ આ સઘળું કુદરતી છે: કારણ કે પાતંજલીના યોગસૂત્રનો અભ્યાસ કરવાથી માલમ પડશે કે, યોગમાં સુધાં નીરાકારનું ધ્યાન (નીર્બીજ સમાધી) કરવા પેહેલાં કોઈ બીજ કે રૂપનું ધ્યાન (સબીજ સમાધી) કરવાની જરૂર દેખાડવામાં આવીછે. યોગવિદ્યામાં જેને તુર્યાવસ્થા કેહેવામાં આવેછે તે હાલતમાંજ

નીરાકાર વિશે કાંઇ અનુભવ મળે. કવિઓ અને ચિતારાઓએ સુધાં ખોદાને કેટલીક વાર માણુસનું રૂપ આપ્યું છે, જેની ઉપરથી અજ્ઞાન લોકોમાં માણુસના આકારના (anthropomorphic) ખોદાનો વિચાર ઉત્પન્ન થયોછે, કે જે વિચાર આગલ વધેલાં માણુસોને અનુકુલ પડતો નથી. હવે ત્યારે સાધારણ માણુસો માટે આતશ કે સુરજ જેવો કેબલો આપવામાં તે ડાહપણના સરદાર જરથુસ્ત્ર સ્પીતમાને કેટલી દુરંદેશી વાપડેલી હોવી જોઇએ?

આતશની આરાધના માટે પેહેલાં આપણે આપણા ભાઇબંધ હિન્દુઓના ધર્મને તપાસીએ. હિન્દુઓનાં મોટામાં મોટાં પૂજ્ય ધર્મશાસ્ત્રો વેદો છે, અને વેદોમા પણ અતી પુરાણો મુખ્ય વેદ ઋગવેદ છે. આ વેદને ઉઘાડતાં શરૂઆતમાંજ આપણને શું મળેછે?—અગ્નિપૂજા. વેદના ઘણાં ખરાં મંડળો અગ્નિપૂજા અથવા આતશની અરાધનાથી શરૂ થાયછે—આતશની આરાધના વગર વેદનુ મંડાણ નહીં; આતશની આરાધના વના વેદીક ક્રિયાઓ નહીં, આતશની આરાધનાથી વેદો ભરપુર છે.

જે કોઇએ જરથોશ્તી ધર્મ પુસ્તકોમાંથી આતશ વિશે અભ્યાસ કીધો હશે, અથવા આતશ નીઆએશનો તરજુમો પણ વાંચ્યો હશે, તેને વેદની શરૂઆતના અધ્યાઓ જોવાથી માલમ પડશે કે, વેદીક અને અવસ્તાઇક આતશ પરસ્તીમાં બહુ મલતાપણું છે. એટલુંજ નહીં પણ અવસ્તાનાં ઘણાક લખાણો ખોવાઈ જવાને લીધે, અને વેદીક લખાણો ટીકા અથવા શરેહ રૂપે વધતાં જવાને લીધે, સંસ્કૃત ભાષામાં અગ્નિપૂજાનું એટલું બધું લખાણ મળેછે કે, જો માત્ર લખાણનેજ આપણા માપ તરીકે લઇએતો, કદાચ આપણા કરતાં પણ હિન્દુઓ "આતશપરસ્ત" કેહેવાવાને વધારે લાયક ગણાય. તફાવત એટલોજ છે કે, આતશ પરસ્તી શરૂ થયાને જમાના વહી જવા છતાં હિંદુઓ કરતાં જરથોસ્તીઓ હજી સુધી જાહેર આતશ તરફ માનની નજરથી જોવાની રીતને ચુસ્તપણે વળગી રહ્યા છે, તો જો કે હિન્દુ ભાઇઓ ક્રિયાઓમાં તો લગભગ આપણને મલતાજ છે.

ચીનાઈ પ્રજા માટે હું ધારૂંછું કે જરથોશ્તી ભાઇઓ અજાણ નહીં હશે. ચીનાઓ પણ આતશના પૂજારી ગણાયછે. તેઓ આતશને જરથોશ્તીઓ માફક માન આપેછે, તેઓ તેનું રક્ષણ કરેછે, તે ઉપર ખુશબો બાલે છે. હું દળગીર છું કે, તેઓનાં ધર્મપુસ્તકો તપાસવાની મને જોગવાઈ મળી નથી.

હવે આપણુ ક્રીસ્ચીયન પ્રજાને લઇશું, જેમાં મુસાનું શીક્ષણ પણ આવી જાયછે. તેઓના જુના કરાર મુજબ ખોદા એક હંમેશ બળતો આતશ છે. "મુસાને ખોદા એક ઝાડી વચે બળતા આતશના સોહોલામાં દેખાયો, અને મુસાએ જોયુ કે તે ઝાડી આતશમાં છે, પણ બળીને ભસ્મ થતી નથી." અલબત આ અર્થ ઘણોજ નબળો છે, પણ આપણી મતલબ જાલવવાને તે પુરતો છે. ક્રિસ્ચીયનોની "માસ" નામની પવિત્ર ક્રીયામાં મીનબતીઓ બાલવામાં આવે છે તે, તેમજ તેઓના દેવળનાં પવિત્ર ગુંબજોમાં રાત અને દીન જે બતી ચાલુ રાખવામાં આવેછે, તે શું બતાવે છે? બાઈબળમાં "આતશનાં બાપટીઝમ" વિશે જણાવામાં આવ્યું છે. વળી ખ્રીસ્તી ધર્મની સ્થાપના થઈ તે વેલા કેટલીક ધર્મકથાઓ અને ફરમાનો ચાળતાં હતાં, જે પાછળથી તરક કરવામાં આવ્યાં હતાં, પણ જે હાલે પાછાં એકઠાં કરવામાં આવ્યાં છે, તેઓમાં એક વાકય એવો છે કે, "ખોદાએ કહ્યું કે, જે **મારી** નજદીક છે તે આતશની નજદીક છે." (Resch's *"Agrapha."*) આ સઘલું સેમેટીક પ્રજાને આતશ પરસ્ત દેખાડવાને પુરતું છે.

ગ્રીક (યુનાની) ધર્મ તરપ નજર ફેરવો. ઓલીમ્પીયામાં તેઓના ખુદા "પૅન"ની કુરબાનગાહપર જે આતશ બળતો હતો તેને કદીપણ બુજાવામાં આવતો નહીં હતો. એથેની પૅલાસના મંદીરમાં એક સોનાનો દીવો હમેશ બળતો રાખવામાં આવતો હતો. ઝર્કસીસે ડેલોસનુ મંદીર એટલાજ માટે બચાવ્યું હતું કે તેમાં જરથોશ્તીઓના જેવી આતશપરસ્તી ચાલુ હતી. રોમન લોકો આલ્બાલૉન્ગા નામના શેહેરમાં એક પવિત્ર આતશ રાખતા હતા, જ્યાંથી ત્રીસ લેટીન

શેહેરોના લોકોને પૂજવાને પવિત્ર આતશ મલતો હતો. રોમમાં પૅલેટાઈનના ડુંગર આગળ વેસ્ટાનો આતશ આખી રોમન શાહુનશાહતની પૂજાનુ મધ્યબિંદુ હતું. તે આતશને પણ જરથોશ્તી આતશ મુજબ નીરંતર બળતો રાખવામાં આવતો હતો, અને તેની સેવા વેસ્ટાની કુમારી અબળાઓ કરતી હતી. અસલના જરમનો તેઓના ઈશ્વર "થૉર"ની મૂર્તિ આગળ એક બળતી બતી હંમેશ રાખતા હતા. સ્લાવ લોકો તેઓના ખોદા "પૅરૂન" અને પૃશીયાના લોકો તેઓના ખોદા "પરકુન" નાં માનમાં હંમેશ બળતો આતશ રાખતા હતા, અને આપણુ જરથોશ્તીઓ જેમ સુખડ બાલીએ છીએ તેમ તેઓના મોબેદો, જેઓને ક્રાઈવ કેહેવામાં આવેછે, તેઓને ઓકના લાકડાંથી તેને હંમેશ જાગૃત રાખવો પડતો હતો. લીથુનીયન સ્લાવીક લોકોમાં આતશના પુજારીઓ સાથ જરથોશ્તી મોબેદોની સરખામણીમાં એક બાબદ આપણું ખાસ ધ્યાન ખેંચેછે. તેઓના ખુદા "સુઆંન તેવીત" (રોશનીના ખોદા) ના મંદીરના પવીત્ર આતશ આગળ કોઈપણ આતશના પુજારીથી પોતાનો દમ અંદર ખેંચ્યા સીવાય જવાતું નહીં હતું, જે આપણુને આપણા મોબેદોને પદાન બાંધવાની જરૂરીયાતની યાદ આપેછે. તે લોકોની આતશને જાગૃત રાખવાની રીતી એટલી તો સખત હતી કે, જે કોઈ મોબેદ તેઓના આતશ "ઝીંકસ" ને બુજાઈ જવા દેતો તેને મોહોતની સજા કરવામાં આવતી હતી. આયર્લાંડમાં પણ તેઓના અસલી "બ્રીડજૅટ" (ચલકતા) ખોદાના માનમાં રોમન વેસ્ટાના જેવો એક આતશ રાખવામાં આવતો હતો, જેની આસપાસ કટેરા કરી લઈ કોઇને પણ તેની આગળ જવા દેવામાં આવતા નહીં, અને તેને કોઈ પણ દીવસે ફુકથી જાગૃત કરવામાં આવતો નહીં હતો. અહીં પણ આપણે આપણા મોબેદોને પદાન બાંધવાના કારણનુ મલતાપણું જોઇએ છીએ.

ફ્રીમેસનરી જેવાં કેટલાંક છુપાં મંડળો અને આશ્રમો છે, જેઓમાં રોઝીક્રુસિયન નામે એક ટોળો છે, તે લગભગ આપણુ એર્થનો માફકજ આતશને માન આપેછે. હરમેટીક (ગોફેનશીનો) નો એક

બીજો ટોળો યુરોપમાં હતો, જેને માનનારાઓ હજી પણ યુરોપમાં છે, તેઓનો ધર્મ ગોયા આતશની વિદ્યાજ છે. ફ્રીમેસનો જ્યારે પોતાના રાહબર તરીકે "બેહેસ્તની રોશની"ને લેછે, અને તેના ચિન્હ તરીકે પેલા ચલકતા આતશી સેતારાને લેછે, ત્યારે તેઓ પણ પોતાને આતશપરસ્ત દેખાડેછે. સુફીઓ જેઓનું મૂળ કદાચ જરથોશ્તી ધર્મમાંજ મુકી શકાય, તેઓ પણ પેલો **ચેરાગ** જે "રાત અને દીન આપણા દુઃખીયારા માર્ગ ઉપર રોશની ફૂંકેછે" તેની ખુબીઓ ગાયછે.

કેહેવાતી "જંગલી" પ્રજાઓ સુધાં પોતાની ફીલસુફી ધરાવેછે. "નાઈન્ટીન્થ સેન્ચુરી" ના એક આગલા અંકમાં લખતાં પ્રોફેસર મૅક્ષ-મુલર કેટલીક "જંગલી" ગણાતી પ્રજાઓ માટે જણાવેછે કે, તેઓનાં ધર્મશાસ્ત્ર અને એકીનમાં પણ દાનાઈ સમાયલી છે. એવીજ એક અમેરીકાની પ્રજા જેને ત્યાંના લોકો "જંગલી" કહેછે, તે પ્રજા પોતાને આતશમાંથી પેદા થયલી જણાવેછે. તેમનાં આ કેહેવામાં આજના વિદ્વાનોની વિદ્યા કરતાં વધારે સચાઈ સમાયલી છે, કારણ કે આજના વિદ્વાનો જ્યારે ખાકમાં પાછળથી મન પોતાની મેલે પેદા થવાની વાત કરેછે, ત્યારે પેલા કેહેવાતા જંગલીઓ વાસ્તવીક રીતે આતશમાંથી એટલે ખોદાઈ નુરમાંથી પોતાને પેદા થયલા જણાવી, પોતાના વિચા-રમાં આજના જડવાદી વિદ્વાનો કરતાં વધારે દાનાઈ બતાવેછે; અને તે દાનાઈ બતાવા સાથ પોતાને આતશપરસ્ત પણ દેખાડેછે.

ક્રાઇસ્ટની પૂર્વે ૪૦૦૦ વરશ ઉપર જે જરથોશ્ત સાહેબ થઈ ગયા તેઓએ, તે આતશ કે જે યજદાંની નીશાન છે અને જે યજદાંનો **આવાજ** છે, તેની મારફતે તે વખતના જરથોશ્તીઓમાં મીનોઈ જ્ઞાન જાહેર કીધું હતું. તે પુરાતન જ્ઞાન હજી પણ કેટલીક વાર ખાલદીયન વિદ્યાને નામે કે "મૅજીક" ને નામે ઓલખાય છે, અને અસલી મગુસો અથવા મોબેદો એ વિદ્યાના જાણનાર હતા. આજે પણ દુનિયામાં એવો કોઈપણ ધર્મ નથી કે જેના ક્રીયા કામમાં આતશ તરફ માનની નજરથી જોવામાં આવ્યું ન હોય.

તેનો સબબ.

હવે તમો દરીયાફ્ત કરો કે, સુધરેલી અને જંગલી ગણાતી પ્રજાઓ, અસલી અને આજની પ્રજાઓ, આતશને આ મુજબ માન આપેછે, આતશની જાલવણી કરેછે, આતશની આરાધના કરેછે, તે શા માટે? શું માત્ર તે એટલાજ માટે કે આતશ આપણને ગરમી આપેછે? શું માત્ર તે એટલાજ માટે કે, આતશ આપણું ખાનું પકાવે છે? જેમ ક્રીસ્ચીયન ધર્મ ગુરૂઓ ધારેછે તેમ, શું તે એટલાજ માટે કે, આતશ દોજખમાં પાપી રવાનોને આજાબ પોંહોંચાડેછે? અથવા જેમ આજના વિદ્વાનો કહેછે તેમ, શું માત્ર તે એટલાજ માટે કે, આતશ ગરમી છે, આતશ રોશની છે, આતશ ગતી છે, અને આતશ ખાકી અને રશાયનીક શક્તીઓનો સામાન્ય પરસ્પર સંબંધ ધરાવનાર પદાર્થ છે? માત્ર એટલાજ માટે આતશની આરાધના હોય નહીં. પેગંબરો, અને રોશની પામેલા દાનાવો એનો જવાબ એ આપેછે કે, "આ પૃથ્વિી ઉપર કે બેહેસ્તમાં ખોદાનું સંપૂર્ણ અને શુદ્ધ પ્રતિબિંબ બેશક **આતશ** છે." અટલા માટે તેને હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં બ્રહ્મસ્વરૂપ કેહેવામાં આવ્યોછે. અહુરમજદનો આ અંશ, એક રચકણ કે એક માનવી કે એક ગ્રહના અંતરમાં વિચારવંતોના જોવામાં આવશે. આ ગુપ્ત આતશને લીધે એક રચકણ કે એક માણસ કે એક ગ્રહની વૃદ્ધિ થાયછે. જો એ મીનોઈ અથવા ગેબી આતશ નહીં હોય તો મીનો કે ગેતીની તમામ જગતની હીલચાલ, વૃદ્ધિ, જીવવું કે ગતી સર્વે બંધ પડી જાય.

ખનીજ પદાર્થોનું વધવું આ ગુપ્ત આતશને જોરે છે; વનસ્પતીના બીજનાં અંતરમાં જો આ આતશ હોય નહીં તો તેને એક દરખ્ત તરીકે જાહેર થવાનું અથવા પ્રગટ થવાનું જોર મળે નહીં, અને વનસ્પતી જેવા આશીરવાદ આપણને મળે નહીં; જાનવરોમાં જો આતશ હોય નહીં તો જાનવરી પેદાએશ હોય નહીં; માણસમાં જો આતશની હસ્તી હોય નહીં તો માણસનું જીવવું હોય નહીં. અને માણસની ઉપરની

હસ્તીઓ ધ્યાનમાં લઈએ તો સરવે યજદો, અમશાસ્પંદો, વગેરે મીનોઈ હસ્તી એક અનંત આતશનાં સોહોલા સમાન છે.

આપણે અહીં ધ્યાનમાં રાખવું જોઇએ કે જે આતશ ખનીજ પદાર્થમાં છે તેના કરતાં વનસ્પતિનો આતશ પાયરીમાં જુદો છે; જે આતશ વનસ્પતીમાં છે તેના કરતાં જાનવરોનો આતશ પાયરીએ જુદો છે; જે આતશ જાનવરોમાં છે તેના કરતાં માણસનો આતશ પાયરીએ જુદો છે—તો જોકે આ સઘલા આતશો એકજ આતશના ભાગો, વિભાગો કે ફાંટાઓ છે. આ આતશોને યજસ્નેના ૧૭ મા હામાં આતશ બેરેઝીસ્વંગ, આતશ ઉર્વાઝીશ્ત, આતશ વોહુફ્રિયાન, આતશ વાઝીશ્ત અને આતશ સ્પેનીસ્ત કેહેવામાં આવ્યા છે.

આ પાંચ આતશો દુનિયાંની છ હસ્તીઓમાં વેંહેચાઈ ગયા છે; જે હસ્તીને પેદરપે જાહેર થવાના હીંગામોની યાદમાં આપણ જરથોશ્તીઓ છ ગાહામબારો કરીએ છીએ. આ છ ગાહામબારો "ઇવૉલ્યુશન" યાને જગતનેં જાહેર થવાનો અનુક્રમ દેખાડેછે. પેહેલા હીંગામમાં જુદા જુદા બેહેસ્તના આતશો યાને નુરો અને આસમાની પેદાયશ હસ્તીમાં આવી, જેની યાદમાં **મઅેદીયોજરેમ** ગાહામબારો થાય છે; બીજા હીંગામમાં ભીનાસ એકઠો થઈ વાદળાં બન્યાં અને વાદળાંમાંથી પાણી ઉત્પન્ન થયું, તેની યાદમાં થતા ગાહામબારો **મઅેદીઓશહેમ** કેહેવાય છે; ત્રીજા હીંગામમાં બોહોલા વીસ્તારની જગા (Space) માં વીખરાઈ રહેલાં રચકણો એકઠાં મલી પૃથ્વિનું બંધારણ થયું, તેની યાદમાં **પઅેતેશહેમ** ગાહામબારો થાયછે; ચોથા હીંગામમાં પૃથ્વિપર વનસ્પતી પ્રગટ થઈ, તેની યાદમાં **અયાથ્રેમ** ગાહામબારો થાયછે; પાંચમા હીંગામમાં વનસ્પતીમાંથી ધીમે ધીમે જાનવરી પેદાયસ બાહાર આવી, તેની યાદમાં **મઅેદીયારેમ** ગાહામબારો થાયછે; અને છઠા અથવા છેલા હીંગામમાં આદમી જાહેર થયાં, તેની યાદમાં **હમેસપથમઅેદેમ** ગાહામબારના જસનો થાયછે. આ ઉપરથી કોઇએ એમ નહીં સમજવું કે, હું અહીં ફક્ત ડારવીનનું અનુમાન જાહેર કરૂંછું. એ ઉપરથી માત્ર આપણે એ-

ટલુંજ જોઇ શકશું કે, આપણા વડવાઓ ડારવીને જણાવેલી બાબદ હજારો વરશ આગમચ જાણતા હતા. પણ ખરી વાત એ છે કે, ઉપલો અનુક્રમ "ઇવૉલ્યુશન" યાને જગતને જાહેર થવાની બાબદની માત્ર એકજ બાજુ બતાવે છે, જે આજના વિદ્વાનોમાં ડારવીનીયન અનુમાનને નામે ઓળખાય છે. એ સીવાય "ઇવૉલ્યુશન"ની બીજી બે બાજુઓ છે, પણ તે વિશે બોલવાનો આ પ્રસંગ નથી.

તમામ આતશો એક અનંત અને અમર આતશના સોહોલા અને ચીન્ગારીઓ સમાન છે. તેને આપણ **અહુરમજદના** નામથી ઓળખીએ છીએ. અહુરમજદ અને જરથોશ્તીઓ સાધારણ રીતે જે આતશની પરસ્તેસ કરેછે, તે વચે શો સંબંધ છે તે હવે તપાસીએ. અહુરમજદના ત્રણ પ્રકાર જણાવવામાં આવે છે—એક કોઈથી કદી નહીં જાણી શકાય એવો, બીજો મહાજ્ઞાની, અને ત્રીજો પેદા કરનાર. એટલા માટે તેને કેટલીક વાર△ના ચિન્હથી ઓળખવામાં આવેછે. મીસીસ બેઝંટ અહુરમજદના ત્રણ પ્રકાર બતાવા માટે ખોરશેદ નીઆએશમાંની એક સતર ટાંકેછે—" નેમસેતે અહુરમજદ થ્રીસ્ચેદ પરો અનીઆએશ" (તમામ હસ્તીની આગમચ ત્રેવડા અહુરમજદને નેમાજ). પણ તેમનું કેહેવું કદાચ કેટલાક જરથોશ્તીઓ કબુલ નહીં રાખે—તો જોકે દસ્તુરાન દસ્તુર નેરીયોસંગ ધવલને આધારે એક બે તરજુમાઓમાં ગઈ સદીના દસ્તુરો "થ્રીસ્ચેદ" નો અર્થ "ત્રણ મરતબે" ખોટો ઠરાવેછે—એટલા માટે આપણે બીજી સત્તાનો ઉપયોગ કરીશું. આ સત્તા "ખાલડીયન ઓરેકલ્સ" યાને "જોરોસ્ત્રીયન ઓરેકલ્સ" નામના ફકરાઓ જે ગ્રીક ભાષામાં જરથોશ્ત સાહેબની આકાશવાણીને નામે જલવાઈ રહેલા છે, તે છે. તે મુજબ તમામ હસ્તીનું મૂળ આતશ છે, જે આતશ Triad યાને ત્રીકુટી છે. તમામ ચીજોની આમદાની આ ત્રીકુટીમાંથી થાયછે; તમામ ચીજો આ ત્રીકુટીને આધારે જલવાઈ રહેછે; અને તમામ ચીજો આ ત્રેવડા મીનોને નમન કરેછે; તેમાં નેકી, ડાહપણ અને સત્ત સમાયલાં છે, ઇત્યાદી. જો આ સત્તા પણ કોઈ જરથોશ્તીઓને ભરોશો રાખવા લાયક નહીં લાગતી હોય તો હું એક બીજી સત્તા રજુ

કરીશ. લાઇડિનમાં મળેલી છઠી ઓરયન્ટલ કૉંગ્રેસમાં વંચાયલા એક રેસાલામાં અહુરમજદના ત્રણ પ્રકાર દેખાડવામાં આવ્યા છે. આ રેસાલાનું નામ "મજદ—અહુરમજદ–અહુરા" છે, અને તેના કર્તા આપણા માનવંતા દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાના છે. વળી એક બીજી સાહાદત આપણને અહુનવરના એજ-મતી કલામોમાં મળેછે—જેની પેહેલી સતરમાં **અહુ**, બીજી સતર-માં **મજદ** અને ત્રીજી સતરમાં **અહુરા** શબ્દો અહુરમજદના ત્રણ પ્રકાર દેખાડેછે.* અહુરમજદમાંથી જે કાંઈ જાહેરમાં આવે તે અહુર મજદનાજ જેવા પ્રકારનું હોવું જોઇએ, અને તે અહુરમજદનો પ્રકાશ, અહુરમજદનું પ્રતીબિંબ યાને અહુરમજદનો પુત્ર આતશ છે.

યજસ્નેના ૫૫ મા હા મુજબ માણસને આપણ આ મુજબ રજુ કરીશું:—

ફ્રવષી	—	ફરોહર	**અમર ત્રીપુટી.**
બઓધાંગ	—	બુદ્ધિ	[અહુરમજદનો પુત્ર આતશ.]
ઉર્વાન	—	રવાન	
[અંતઃકરણ]			[ચીનવદ પુલ.]
તેવીષી	—	હવસસ્થાન	
કેહેર્પંમ	—	કાલબુદ	**ફાની ચોકડી.**
ઉશ્તાન	—	પ્રાણ	
તન્વસ	—	શરીર	

આ સાતે તત્વો કોઈવાર સાત આતશો ગણાય છે; પણ જે આતશની દીનદાર જરથોશ્તીઓ આરાધના કરેછે, જે આતશ "અહુર-મજદના પુત્ર" તરીકે ઇંજાય છે, તે ઉપરની અમર ત્રીકુટી છે. એ આતશમાં ફરોહર, બુદ્ધિ, અને રવાન સમાય છે. આ બીજી ત્રીકુટી અહુરમજદની પેહેલી ત્રીકુટીના પ્રતીબિંબ જેવી હોવાને લીધે—તેમાં અહુરમજદની તમામ ખાશીયતો હોવાને લીધે—તેને પેગંબરોએ અહુરમજદના પુત્રની સંજ્ઞા આપીછે, અને તે બરહક છે.

---

* "જેવો **અહુ**નો શબ્દ થાય તેવો અશોઈને લીધે રતુ બહમનની માર-ફતે **મજદ**ની મરજી મુજબ જગત પ્રગટ કરે; ફરતાં મંડળોને જે ગતી આપેછે તે અહુરની શક્તિ છે."

જેમ એક પુત્રમાં તેના પીતાના સર્વે ગુણો ઘણું કરીને ઉતરે છે, તેમ એ આતશમાં આપણ અહુરમજદની ખાશીયતો જોઇએ છે.

એના સંબંધમાં હવે આપણ લગાર બીજા ધર્મો તપાસીએ. વેદની શરૂઆતના શ્લોકોમાં જે અગ્નિની આરાધના કરવામાં આવી છે, તે અગ્નિ વિશે બારીકીથી તપાસ કરવામાં આવશે તો માલમ પડશે કે તે આરાધના આ આતશી યા આત્મીક ત્રીકુટીની છે. મી૰ ચાર્લસ જૉન્સ્ટન (રીટાયર્ડ સીવીલ સરવંટ), જે સંસ્કૃત સારૂં જાણેછે, અને જેઓએ વેદ, ઉપનીષદ વગેરેનો અભ્યાસ કીધો છે, તેઓ પણ એ અગ્નિને એવા ત્રેવડા અર્થે લેછે. ઋગવેદનો પેહેલો શ્લોક તેને સઉથી પુરાનો, વડો ગુરૂ, સર્વે યજ્ઞો અથવા યજસ્ને એટલે આપણા સ્વાર્થના ભોગોનો ખાવિંદ, રોશનીનું મૂળ, વગેરે એલકાબોથી ઓળખાવે છે, તેજ તેને આત્મા તરીકે લેવાને પુરતું છે.

ક્રીસ્ચીયન ધર્મને તપાસતાં, “ ક્રાઇસ્ટ ” શબ્દના અર્થ ઉપર એના મલતાપણાનો સઘળો આધાર રહેછે. આજના ક્રીસ્ચીયનો સાધારણ રીતે એને ગમે તે અર્થે લેતા હોય, પણ એનો અસલ અર્થ તપાસતાં આપણને તેમાંથી જરથોશ્તી ધર્મમાં જણાવેલા અહુરમજદના પુત્ર આતશ સાથ તેનું મલતાપણું માલમ પડેછે. “ ક્રાઇસ્ટ ” શબ્દ લૅટીન “ ક્રીસ્ટોસ ” ઉપરથી આવ્યો છે, જેનો અર્થ “ ખોદાની રોશની” એવો થાયછે. ક્રસ્ચીયન ધર્મની શરૂઆતના વખતના નૉસ્તીક યાને ખોદાપરસ્ત લોકો એ શબ્દને એજ અર્થે લેતા હતા. અને જીસસ ખોદાની રોશનીને પોહોંચેલો હોવાથી “ ક્રાઇસ્ટ ” નું વિશેષણ લગાડવાથી તે જીસસ ક્રાઇસ્ટ કેહેવાય છે. હવે જેમ જરથોશ્તી ધર્મમાં મીનો આતશ અહુરમજદનો પુત્ર કહેવાય છે, તેમજ ક્રાઇસ્ટ પણ ખોદાનો પુત્ર કહેવાય છે. ક્રીસ્ચીયન પ્રજા ક્રાઇસ્ટ શબ્દ જીસસ નામના સખશને લાગુ પાડી એમ કહેછે કે, ફક્ત જીસસ ક્રાઇસ્ટનીજ મારફતે ખોદાને પોહોંચી શકાય, બીજા કોઈની મારફતે નહીં. આ એક પ્રજાની ભુલ છે. આપણે જો ક્રાઇસ્ટ શબ્દને જીસસથી જુદો પાડીને જોઇશું તો માલમ પડશે કે ક્રીસ્ટોસ અથવા ખોદાના નુર અથવા ખોદાના પુત્ર

આતશનીજ મારફતે ખોદાને પોહોંચી શકાય, જે અનુમાન યજસ્નેના ૩૬ મા હા મુજબ જરથોશ્તી ધર્મ પણ સવીકારે છે.

માણસ જગતનો નમુનો છે, તેથી
જે જગતમાં છે તે માણસમાં છે.

જરથોશ્તી ધર્મ મુજબ.	ક્રીસ્ચીયન ધર્મ મુજબ.
અહુ △ મજદ — અહુરા ફ્રવષી △ બુધ્ધિ — મનસ (રવાન)	પિતા △ પુત્ર — પવિત્ર આત્મા (આતશ.)

અહીં આપણુ જરથોસ્તી ધર્મમાં હીન્દુ ફીલસુફી પ્રમાણે ઉપલી અને નીચલી બે ત્રીકુટીઓ જોઇએ છીએ. ઉપલી ત્રીકુટી બ્રહ્માડીક એટલે જગતને લગતી છે, અને નીચલી પીંડીક યાને માણુસને લગતી છે. માણુસ જગતનો નમુનો હોવાથી જગતનો નિયમ માણુસમાં બારીક હાલતમાં ચાલુ રહેલો છે. પણ ક્રીસ્ચીયન ધર્મમાં આપણુને એકજ ત્રીકુટી મળેછે, જે ગમે જગતને લાગુ પાડો, ગમે માણુસને લાગુ પાડો. આપણા કામ માટે એને આપણુ માણુસને લાગુ પાડીશું, કારણુકે તે માણુસને વધારે બંધ બેસતી જણાયછે.

હુવે એક ચુસ્ત ક્રીસ્ચીયન, અને તેપણુ રોમના પોપના પ્રતિનીધી, જે હિંદુસ્તાનમાં લગભગ પોપના જેવી સત્તા ગણાય, તે શું કહેછે તે સાંભળો. મરહુમ બીશપ મ્યુરીન જણાવેછે કેઃ—

“ પારસીઓ પાંચ આતશને પીછાને છે : શ્રેષ્ઠ આતર બેરેઝીસવો [? વાહ્રરામ] એ મીનોઈ આતશ છે, જેને તેના ચઢતાપણાને લીધે ‘અહુરમજદનો પુત્ર’ કેહેવામાં આવેછે. જો આત્મીક ત્રીકુટીમાં આ આતશ ત્રીજો પુરૂષ હોય તો પારસીઓનું સિદ્ધાંત અસલ યાહુદી અને ક્રીસ્ચીયન વિચારને લગભગ મળતું આવેછે. ક્રીસ્ચીયનો વળી પવિત્ર આત્મા

(Holy Ghost) ને જીંદગી, આતશ, અને સખાવતનો પર્વત પણ કહેછે, અને એવું સમજાવેછે કે તે પિતા અને પુત્રમાંથી પ્રગટ થાયછે, જેમાના પાછલા (પુત્ર) ને કોઈવાર 'વરબમ' [અહુનવર યાને ખોદાનો શબ્દ=शद्बब्राह्मण] અથવા ડાહાપણ પણ કેહવામાં આવેછે. પવિત્ર આત્મા એ ખાલેસ એખલાસ યા મ્હોબતનો મીનો આતશ છે, જે પવિત્ર ત્રીકુટીના પેહેલા બે પુરૂષોને જોડેછે. જો આ આત્મીક અર્થ આતશને લાગુ પાડવામાં આવે તો, પારસીઓને આતશપરસ્ત કેહેવાવામાં મોટાઈ સમજવી વાસ્તવીક છે. **આ અર્થે અમો ક્રીસ્ચીયનો ખરા આતશપરસ્ત છઈએ.** હું ખરેખર ધારૂં છું કે, અહુરમજદનો પુત્ર અસલ જરથોશ્તી ત્રીકુટીનો ત્રીજો પુરૂષ હતો, અહુરા પેહેલો અને મજદ બીજો."

આ અર્થે આપણે આતશ નીઆએશ ઉપર નજર નાંખીએ તે આગમચ આજના અવસ્તાના અભ્યાસ ઉપર મને થોડા શબ્દો બોલવાની રજા આપશો. ધર્મનો અભ્યાસ કરતી વેળા આપણને આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે, આ દુનિયામાં પેગંબર જેવા અશો મરદોનું અવતરવું કાંઈ આપણને ભૂગોળવિદ્યા શીખવવા કે રાંધવાની વિદ્યા શીખવવા કે પરણવા આદરવાનું કામ શીખવવા માટે હોતું નથી; કે જેમ હુમણાં ધર્મના—અને મુખ્ય કરી અવસ્તાના—અભ્યાસીઓ સમજતા હોય એમ ઘણી વાર થતું જોવામાં આવેછે. તેમને આ શરીરમાં અવતરવાની નેમ એટલી ઉમદા અને બુલંદ છે કે તેનો ખ્યાલ સર્વે માણસોને કદાચજ આવે. એવાં ઝળકાટ ભરેલાં રૂહને આ દુનિયાંમાં આવવાનો સબબ માણસને ખોદાઈ રાહ બતાવવાનો અને મીનોઈ જ્ઞાન આપવાનો છે; એટલુંજ નહીં, પણ બની શકે તો માણસને યજદો, અમશાસપંદો અને ખુદ અહુરમજદના કામમાં હમશરીક થવાને તૈયાર કરવાનો છે, જે મ્હાભારત કામ, જે મ્હાભારત ફરજ, આજે લગભગ ભુલી જવાયલી માલમ પડેછે. એવી તેમની નેમ, આપણે જ્યારે અવસ્તાના ગુપ્ત અર્થ શોધવામાં ફતેહ પામીએ છીએ

ત્યારેજ માલમ પડેછે.* અવસ્તાના જબાનશનાસીને આધારે કરવામાં આવતા સપાટી ઉપરના અર્થો સીવાય અક્ષરો, શબ્દો કે વાકયોનાં ભીત્તરમાં બીજું કશું નથી એવીજ હઠ લઈ બેસીએ તો જરથોશ્તી પેગંબરોને, અને ખુદ જરથોસ્ત સાહેબને, એક ભૂગોળશાસ્ત્રી અથવા એક બબરચી જેવાજ માત્ર નહીં, પણ ત્રણ ત્રણ ઓરતો સાથ શાદી કરનાર અને પોતાની એક દીકરી પોઉરૂચીસ્તીને ફરશોસ્તર અને જામાસ્પ બે જણ સાથ પરણાવનાર તરીકે લેવા પડે! પણ હું ખાત્રીથી માનું છું કે, એ સઘલાં ઉપરથી દેખાતાં બેવકુફી ભરેલાં [absurd] લખાણોના ભીત્તરમાં ઘણાંજ બુલંદ અને ઉમદા શીક્ષણો સમાયલાં હોવાં જોઇએ, જે ઉકેલવાની ફરજ જરથોશ્તીઓની પોતાની છે, અને નહીં કે કોઇ બીજાઓની.

જરથોસ્તી આરાધના.

આતશ નીઆએશ, જે આતશ સનમુખ એક ચીત્તે પઢવાના માથ્ર છે, તેમાં પણ "આતશ ખાનું પકાવે છે" એવાં એવાં શીક્ષણ તળે આપણને ગુપ્ત અથવા બાતેનનો અર્થ જોતાં ઉત્તમ પ્રકારનું જ્ઞાન મળેછે. આ નીઆએશ ઉપરથી આપણને આપણી જીંદગીમાં અને મરણ પછી મીનો આતશનો આપણી સાથ શો સંબંધ છે તે માલમ પડેછે. આપણા સંબંધમાં પેહેલાં આપણે જીવતાં જીવત તેની તરફ આપણી ફરજ શી છે તે તપાસીએ:—

યસ્નેમ્ચ વહ્મેમ્ચ હુબેરેતીમ્ચ ઉશ્ત બેરેતીમ્ચ વન્ત બેરેતીમ્ચ આફ્રીનામે તવ આતર્શ પુથ્ર અહુરહે મજ્દાઉ યેસ્ન્યો અહે વહમ્યો યેસ્ન્યો બુયાઓ વહમ્યો ન્માનાઉ મશ્યાકનામ. ઉશ્ત બુયાત અહ્માઇ નરે યસે થ્વા બાદ.

---

* જુઓ યજશને, હા. ૫૯: અશો માણસ દુનિયાનો પીતા છે, તે અમોને બચાવશે, તે અમોને સંભાળશે, ઇત્યાદિ.

ફ્રાઇજાઇતે, અઇસ્મો જસ્તો, બરેસ્મો જસ્તો, ગઓજસ્તો, હાવનો જસ્તો.

"અહુરમજદના પુત્ર આતશ! તારી યજસ્ને અને આરાધના, ભલી ભેટો, ઉત્તમ ભેટો અને મદદગાર ભેટોને હું વખાણું છું. તું ઇંજવા લાયક અને આરાધવા લાયક છે! માણસોનાં ઘર [શરીર]માં તું ઇંજવા લાયક અને આરાધવા લાયક થજે! જે કોઈ હાથમાં એસમ લઈને, હાથમાં બરસમ લઈને, હાથમાં જીવામ લઈને, હાથમાં હાવનીમ લઈને, તુને હંમેશાં ઇંજે, તે નરને ઉત્તમ સુખ!"

અલબત, અવસ્તાનાં આવાં ગોહેરો ઉપર જેટલું બોલીએ એટલું થોડું પડે. આપણા હાથમાં વખત થોડો છે, એટલે ફક્ત કેટલાક ઇસારા કરીને આપણને સંતોષ પકડવો પડશે. આ ફકરાનો બાતેનનો અર્થ સમજવા માટે, એને જે કોઈ આગળ જણાવેલા ભીત્તરના તૈવડા આતશને લાગુ પાડશે, તેને માલમ પડશે કે તે કેટલો ઉમદા છે. મીનો આતશની યજશ્ને થવી જોઈએ, એટલે તે આતશ આપણામાં પ્રકાશે, તે આતશ આપણામાં જાગૃત થાય, તે આતશ આપણામાં પોતાનો પ્રકાશ ફેલાવી આપણને ઝલેહમંદ કરે, તેટલા માટે આપણને સ્વાર્થ છોડી, હુંપણું છોડી, હાતમ દીલના થવું જોઈએ, કે જેથી અંતઃકરણ અથવા દીલ ખુલું થાય—જે અંતઃકરણ મીનો આતશનું તખ્ત છે, જે તખ્તપર તે રોશન થાયછે. તેની ભેટો શી છે તે આગલ ચાલતાં જોઈશું. જરથોશ્તી ક્રિયાઓમાં એસમ, બરસમ, જીવામ અને હાવનીમ વગેરે આલાતો ચિન્હ (symbols) જેવાં છે, અને તેઓ જુદા જુદા અર્થો ધરાવેછે. તે વિશે હાલ તુરત ચોકસપણે કાંઈ કહી શકાતું નથી; પણ એક હકસનાસ પોતાના દસ આલાતોની જે ભેટ મીનો આતશને આપેછે, જે ભેટો તે મીનો કુરબાનગાહપર ફીદા કરેછે, તે આ જેહાંનનાં પાચ આલાતો (પાંચે ઇંદ્રિયો) અને પેલી જેહાંનનાં પાંચ આલાતો ("હોશ, અક્કલ, રવાન, જાન, અને ફેહમ") છે. અને એવી રીતે જે કોઈ મીનો આતશપર જાનફેશાની કરે તેને શું બદલો

મળે?—ઉત્તમ સુખ, કે જે સુખનો ખ્યાલ આપણાં ફાની મનમાં લાવી શકાતો નથી. તે સુખ જ્યારે હોશ શરીરમાં રેહેવાને બદલે મીનોમાં રહેછે ત્યારે મળેછે. એમ ધારો કે હસ્તીની શરૂઆતથી આખર સુધી અમરગીમાં તમો જીવોછો, અને તે દરમીયાનમાં દુઃખ શું છે તે વિશે તમો અજાણ છો—દુઃખ તમો જાણતાંજ નથી, પણ તમામ હસ્તીની ખુશાલી તમારામાં છે!

દાઇત્યો ઇસમે બુયાડુ દાઇત્યો બોઇદ બુયાડુ દાઇત્યો પેથ્વે બુયાડુ દાઇત્યો ઉપસચને બુયાડુ પેરેનાડુશ હરેથ્રે બુયાડુ દહ્માયુશ હરેથ્રે બુયાડુ.

"કાઠીનું આપવું તુને થાએ, ખુશબોનું આપવું તુને થાઓ, ખોરાકનું આપવું તુને થાઓ, ગાંઠનું આપવું તુને થાઓ, ખોરાકમાં ભરપુર તું થાઓ, ખોરાકમાં ભલો તું થાઓ!"

અહીં આપણ જોઇએ છીએ કે, જાહેર આતશનો ખોરાક સુકી કાઠી, સુખડ, લોબાન, અગર, ઇત્યાદિ છે, અને તેથી તેને પોષણ મળેછે; પણ આપણે જ્યારે તેને મીનો આતશ તરીકે લઇએ છીએ ત્યારે તેના પોષણ માટે તેની આગલ લઈ જવાનો હદીયો અથવા ભેટ શું છે? પરોપકારનાં કામો, પરમાર્થનાં કામો, આપણા દુનિયવી એશ આરામને ભોગે બીજાંઓનું ભલું કરવું, ખોદાતરફ જાનફેશાની કરવી, દુઃખી માણસો કે જાનવરોની બરદાસ્ત કરવી, ભુખ્યાંને અન્ન આપવું, નાગાને વસ્ત્ર આપવું, દુનિયાંની તમામ જાનદાર હસ્તી તરફ દયા અને મમતા રાખવી, જેવાં આપણે પોતાનાં બચાંને ચાહીએ તેવાં સર્વેને એકસરખી રીતે ચાહવું, ગમે તે ભોગે સાચવટ અને અશોઈ પરહેજગારીથી ચાલવું, પતીવ્રતપણું યાને પાક દામાની જાલવવી, ગમે તેવા વાંકોને દરગુજર કરવા, ઇત્યાદી કામો મીનો આતશ તરફ લઈ જવાની ભેટોછે—એવાં કામોથી મીનો આતશને પોષણ મળેછે; એવાં કામોથી તે વાજબી રીતે ઇંજાયછે. માણુસનાં એવા સદગુણો તેના ભીત્તરના આતશનું પોશણ છે—એવા સદગુણો ભીત્તરના આતશની સુકી કાઠીછે,

એવા સદગુણો તેની ખુશબોછે. આપણને એજ નીઆએશ ઉપરથી ધડો મળે છે કે, આતશ ઉપર જે કાઠી મુકવી તે સુકી હોવી જોઇએ— તે ભીનાસવાળી હોવી નહીં જોઇએ.

ફ્રમદ આથ્રો આફ્રીવનેમ યો અધ્માઇ અએસ્મેમ બરે-ઇતે હેકૂશ[1] રઓચસ પઇરિશ્તાં[2] અષહે બેરેજ યોજ઼દાતાં.

"જે કોઈ તેને માટે સુક્કી,[1] રોશણીમાં પરિક્ષા કીધેલી,[2] સાફ કીધેલી કાઠી અશોઇના આશીર્વાદથી લઈ જાયછે, [તેને] આતશની આએ દુવા છે."

હવે જે રવેશે ભીનાશવાળી કાઠી જાહેર આતશને માટે નાલાયક છે—જે મુજબ ભીનાસવાળી કાઠી જાહેર આતશને આઝુરદેહ કરેછે—તેજ મુજબ આગલ વર્ણવેલાં સદગુણી કામોમાં, જો આડકતરી રીતે કે દુરનો પણ, સ્વાર્થ સમાયલો હોય કે પોતાની કાંઈ દુરની કે ઝાંખી પણ મતલબ સમાયલી હોય, તો તે કામો અહુરમજદના પુત્ર માટે નાલાયક ઠરેછે, અહુરમજદના પુત્રને તે આઝુરદેહ કરેછે—તે કામો તેને પોંહોચતાં નથી. એટલા માટે જે કામો થાય તે એવાં થવાં જોઈએ કે, જેમાં "મારૂં નામ નીકળશે, મને લાભ થશે, વર્તમાનપત્રોથી હું લોકોમાં વખાણ પામીશ, મને બેહેસ્તમાં તેનો બદલો મળશે," ઇત્યાદિ ઝાંખો ખ્યાલ પણ આવવો જોઇએ નહીં. કારણ કે એવો ખ્યાલ આપણને પાછા કરણીના બંધનમાં રાખે છે; એવા ખ્યાલથી આપણે પાછાં કરણીથી બંધાઇએ છીયે; અને જીંદગીની જે નેમ રવાનને શરીરથી આજ઼દગી આપવાની છે—રવાનનો છુટકારો મેળવવાની છે—તે પાર પડતી નથી—તેમાં ઢીલ થાયછે. એટલા માટે સર્વે કામો તે કામોનેજ માટે થવાં જોઇએ. દાખલા તરીકે, જો કોઈ ભુખ્યો મોહોતાજમંદ તમારી પાસે આવે, તો તે ભૂખ્યો છે અને તમારી પાસ જે ખાવાનું, કે ખાવાનું ખરીદવાને જે પૈસા છે, તે તેનાજ નસીબના (કર્મના) છે, એવું ગણી તેની ભુખ મટાડવી; પણ તેની ઉપર મેં ઉપકાર કીધો, યા તેને મેં સખાવત કીધી,

યા તેને મેં કાંઈ કીધું, કે તેથી મને બેહેસ્ત મળશે, એવા એવા ખ્યાલોથી કોઈ કામ કરવું તેમાં સખાવતનો ખરો અને ઉંચો અર્થ જલવાતો નથી—અને તેથી આપણામાં જે મીનો આતશ છે તેને જાગૃત થવાને જોઇએ તેવી તક મલતી નથી. તે તેના પોતાના મુકામમાં તો હમેશાં જાગૃત છેજ, પણ આપણા દીલ મારફતે પ્રગટ થવાને તેને જોગવાઈ મળતી નથી. આપણું દીલ તેના કામને માટે નાલાયક થાય છે. વળી જેમ કાઠી રોશનીમાં પરીક્ષા કીધેલી હોવી જોઇએ, તેમ આપણાં કામો, વાચા અને વિચારોની પરીક્ષા મીનોઈ જ્ઞાનની રોશનીથી હમેશ થવી જોઇએ. જો તેમ નહીં હોય તો દરેક માણસ પોતાના ગમે તેવાં કામને વાજબીજ ઠરાવે. દાખલા તરીકે, એક ઓછી બુદ્ધિનું માણસ પોતાની અક્કલ મુજબ એક ઘાતકી કામને વાજબી સમજે; પણ તેજ કામ વધારે અક્કલવાનને ગેરવાજબી લાગશે. સબબ કે પેહેલો જ્યારે પોતાના ઓછા પ્રકાશને લીધે વિવેક (reason) વાપરી શકતો નથી, ત્યારે બીજામાં રોશની વધારે હોવાથી તે તેના પ્રકાશથી વિવેકની નજરે જોય છે.

આ પછી આતશ જે દુવા દે છે તેમાં ગાય ઢોરોની વૃદ્ધિ ચાહવામાં આવીછે, પણ સામાન્ય રીતે તેમાં બીજા "જીવો" પણ આવી જાયછે. આ દુવા આજના જરથોશ્તીઓની નજરમાં ગમે તેવી લાગે, પણ માણસની કુદરતી હાલતમાં તો ગાયઢોર એ ઉત્તમ દોલત ગણાયછે. ગાયઢોરોના ફાયદા વર્ણવવાને અહીં પુરતી જગા નથી. વળી આતશ તે દીનદારને દુવા દે છે કે, "તને ભલુ મન અને ભલી જીંદગી અપાયલાં થજો, અને તમામ રાતો તુ જીવે ત્યાં સુધી સુખમાં રેહેજે," ઈત્યાદી, કે જે બક્ષેશથી માણસ ખોદાઇ કામો કરવાને શક્તિવાન થાયછે, અને તેનુ મન હંમેશાં ખુશાલીમાં રહે છે.

આથ્રો અહુરહે મઝ઼દાઓ પુથ્ર! સઓચે બુયે અક્ષય નમાને, મદ-સઓચે બુયે અક્ષય નમાને, રઓચહે બુયે અક્ષય નમાને, વક્ષથે બુયે અક્ષય નમાને, હરેગ઼મચેહ

અફ્પે જ઼રવાનેમ, ૢપ સૂરામ ફ્રષો કરેતીમ, હદ સૂરયાૢ વંઘહુયાૢ ફ્રષો કેરેતોઇદ.

"ઓ અહુરમજદના પુત્ર આતશ! જરવાનમાં સુર આપનાર ફરશોગેરદ સુધી, ભલી હીમ્મત આપનાર પૂરશોગેરદ સુધી, આ ઘરમાં બળતો રેહેજે, આ ઘરમાં હમેશાં બળતો રેહેજે, આ ઘરમાં ઝળકાટમાં રેહેજે, આ ઘરમાં તારી વૃદ્ધિ થજો!"

એક જરથોશ્તી જ્યારે આતશની સનમુખ ઉભાં રહી આતશની આરાધના કરેછે ત્યારે ઉપર મુજબ દુવા ગુજારેછે કે, તે આતશ હમેશાં તેનો સાહ્યો તે દુવા ગુજારનાર ઉપર રાખે, અને તે તેને છોડી જાય નહીં. સબબ કે આ આતશની ખુબીજ એ છે કે તેના વડે માણુસ સદ-ગુણી આદમી તરીકે જીવેછે; અને એ આતશની બક્ષેશ કમી થતાંજ અથવા એનો સંબંધ તુટી જતાંજ તે દુર્ગુણી, હેવાન સમાન, કે ઇડયટ જેવો થઈ પડેછે. એની સાબેતી આપણુને એ નીઆએશમાંથીજ મળી આવેછે, અને તે એની પછીનાજ કરદામાં મળેછે. તે ઉપરથી વળી આપણુને એ આતશનો બીજો અધીકાર શો છે તે પણુ માલમ પડેછે. તે ઉપરથી વળી આપણુને માલમ પડેછે કે, ખોદાઈ રાહ એખ્તીયાર કરવામાં તે આપણી ઉપર કેવી કેવી બક્ષેશો એનાએત કરેછે. ખોદાઈ રાહમાં જે જે ચીજોની માણુસને જરૂર રેહેછે તે આ આતશ તરફથીજ આવેછે.

દાયાૢ મે આતર્શ પુથ્ર અહુરહે મજ઼દાૢઃ આસો ખાથ્રેમ આસો થ્રાઇતીમ આસો જીતીમ, પેાૢરો ખાથ્રેમ પેાૢરો થ્રાઇતીમ પેાૢરો જીતીમ; મસ્તીમ સ્પાનો ક્ષ્વિવ્રેમ હેજ઼વામ ૢરૂને ૢશે ખ્રતૂમ પસ્ચઇત મસ્તી મજ઼ાૢન્તેમ અપઇરે આથ્રેમ નર્ઇયાંમ પસ્ચએત હાંમ-વરેતીમ.

એરેદ્વો-જંગાંમ અખ઼્ફન્યાંમ થ્રેષુમ અસ્નામ્ચ, ક્ષફ્નામ્ચ, આસીતો ગાતૂમ, જઘાૢરૂમ, તુશ્રુષામ આસ્નામ ફ્રજન્તીમ કર્ષો શજ઼ામ વ્યાખનામ હાંમ રચોધાંમ હવા-

પામ આંજોબૂજીમ, હવીરામ યામે ફ્રાદયાત ન્માનેમ્ચ, વાસેમ્ચ, જન્તુમ્ચ, દખ્યુમ્ચ, દંઘુ સસ્તીમ્ચ.

"અહુરમજદના પુત્ર આતશ! આપ મને તેજસ્વી સુખ, તેજસ્વી પોષણ, તેજસ્વી જીંદગી; સંપૂર્ણ સુખ, સંપૂર્ણ પોષણ, સંપૂર્ણ જીંદગી, મોટાઈ, દાનાઇ, તેજ જબાન; રવાનને માટે હુશિયારી, અક્કલ, જે પછી પ્રમાણમાં વધતી [જાય]—ઘટનારી નહીં હોય; ત્યાર પછી નરઇયાંમ [નરનું કૌવત.]"

"ખડે પગે ઉભું રેહેવાની શક્તિ, દાહડો તથા રાત મળીને એક ત્રત્યાંસ ભાગ ઉંઘ, પોતાના કામ ઉપર ઉસ્તવારી, ખબરદારી, ફરજંદ પોષણ કરનારૂં, જાતી અક્કલવાલું, કેશવર ઉપર રાજ ચલાવનારૂં, અંજુમનમાં બેસનારૂં, ઉધરતું, સારી ઇજતવાલું, સંકટમાંથી છુટકો આપનારૂં, પેહેલવાનના જેવું જોરેમંદ, જે મારાં ઘરને, ખાનદાનને, કસબાને, દેશને, અને દેશના ધર્મને આબાદ કરે."

અહીં જે સુખ, પોષણ અને જીંદગી માટે જણાવામાં આવ્યું છે, તે જીવતાં જીવત મીનોઈ સુખ ભોગવવા, જીવતાં જીવત મીનોઈ પોષણ મેળવવા, અને જીવતાં જીવત મીનોઈ જીંદગી ગુજારવા બાબે છે. હમણા આપણ જે સુખ ભોગવીએ છીએ, હમણા આપણ જે પોષણ મેળવીએ છીએ, હમણા આપણ જે જીંદગી ગુજારીએ છીએ, તે સઘલું શારીરિક યાને ગેતીને લગતું છે. એ સુખ, એ પોષણ, એ જીંદગી અપૂર્ણ, અને તેટલા માટે ફાની છે. તેથી સંપૂર્ણ સુખ યાને અમર સુખ, સંપૂર્ણ પોષણ યાને અમરગીને લગતું પોષણ, જે મીનોઈ જ્ઞાન છે તે, તથા સંપૂર્ણ યાને અમર જીંદગી, આપણે આ આતશ પાસ માંગીએ છીએ, જે આપવાનો અધીકાર એ આતશનો છે. આપાણું મન હમણા શરીરમાં ચંચલ હોવાથી આપણ માત્ર શરીર વિશે હોશ કે ભાન ધરાવીએ છીએ, અને મરણ બાદ શરીરનાં રજકણો છુટાં પડવા સાથ એ વિશેનો હોશ ખતમ થાયછે. પણ હોશ જ્યારે અંતઃકરણમાં પ્રકાશતા એ આતશમાં રેહેવા માંડે, એટલે અંતઃકરણ તરપ્ હરદમ ધ્યાન રાખી તેની તરફથી મલતા સર્વે

હુકમોને વગર આનાકાનીએ બેશક તાબે થવામાં આવે, અને ધ્યાન ત્યાંને ત્યાં ટકી રહેવાની ટેવ પડે, ત્યારે એ આતશ તરફ—એ આતશમાં—આપણું રહેવું થાય; અને એ આતશ અમર હોવાથી આપણ પોતે જીવતાં જીવત અમરગી પામીએ. આ આતશમાં જીંદગી ભોગવવી તે સંપૂર્ણ જીંદગી છે—તે અમર જીંદગી છે. અને એ પછી જે મોટાઈ માંગવામાં આવીછે તે તે મોટાઈ છે કે જે પૂરેસ્તાઓ વચે રહેવાથી, જે અમશાસ્પંદોના હુમશરીક થવાથી, મળેછે. તે મોટાઈ સાથ મજદની દાનાઈ યાને ડાહપણ મળેછે. વળી એવાં જ્ઞાન સાથ, જ્યારે એ આતશ કોઈ નસીબવાનમાં જાગૃત થાયછે અથવા રોશન થાય છે, ત્યારે તેની જુબાન એટલી તેજ થાયછે, તેની ફેસાહત એટલી વધેછે કે, તે પોતાની શબ્દશક્તિ વડે હજારો માણસોનાં અંતઃકરણમાંનો આતશ ઘડીભર જાગૃત કરેછે.

ઉપર જણાવ્યું છે કે હમણા આપણ શરીર વિશે હોશ ધરાવીએ છીએ, પણ આપણી ફરજ અને કોશેશ મીનોઈ હોશ મેળવવાને લગતી હોવી જોઇએ; અને તેજ વાત "ઉરૂને ઉષિ ખ્રતૂમ" શબ્દો આપણને જણાવેછે—તે આપણને ટેકો આપેછે. એક આતશની પરસ્તેસ કરનાર દીનદાર જરથોશ્તી અહીં આતશ પાસ રવાનને લગતો હોશ અને અક્કલ માંગેછે, કે જે હોશ અને અક્કલમાં કોઈવાર ઘટાડો થતો નથી, પણ તે વધતાંજ જાયછે, અને છેવટે અહુરમજદમાં જઈ મળેછે—અનંત થઈ જાયછે.

"નૈરયાંમ" નો અર્થ સાધારણ રીતે મરદાનગાનું કૌવત એવો કરવામાં આવેછે; પણ તે કૌવતનો અર્થ શરીરનું કૌવત થવો જોઇએ નહીં. નરનો ગુપ્ત અર્થ આત્મા-બુદ્ધિ થાયછે, જેને ગ્રીક યા યુનાની ફીલસુફીમાં "મોનાડ" કેહેવામાં આવેછે, અને નરનું કૌવત તે આ આત્માનું કૌવત થવો જોઇએ. અહુનવદ ગાથામાં એ નર શબ્દ જરથોશ્ત સાહેબના ફરશોસ્તર જેવા આગળ વધેલા ચેલાને એક વિશેષણ તરીકે લાગુ પાડવામાં આવ્યોછે, અને એ એલકાબ ફરશોસ્તરને કદાચ ઉપલા તબક્કાપર આવવાને લીધેજ લાગુ પાડવામાં અવ્યો હોય, તો જો કે સાધારણ રીતે નરનો અર્થ મરદ પણ કરવામાં આવેછે.

નરનું કૌવત તે તે કૌવત હોવું જોઇએ કે જેથી હોશ જરાપણ ચસકયા વગર મીનો આતશમાં મક્કમ થઈ રેહે.

ખડે પગે ઉભું રહેવાની બાબદ જેમ સાધારણ માણસને તેમજ ખોદાશનાસને એકસરખી રીતે લાગુ પડેછે, અને તે સાધારણ બંદગીમાં તેમજ એબાદત યા ખોદાનાં ધ્યાનમાં મશગુલ થતાં ચિત્તને મક્કમ રાખવાની જરૂર બતાવેછે. એક ખોદાશનાસ જ્યારે હકની રાહ એખ્તીયાર કરેછે ત્યારે તેની સામે શારીરિક, સંસારી અને બીજી એટલીતો મુસીબતો આવીને ઉભી રહેછે, તેમજ વળી તેના ધ્યાનમાંથી દુર કરવાને આસપાસની કેટલીક શક્તિઓ તેને એટલો તો હંફાવે છે કે, ઘણી વાર તેને પોતાના ઉત્તમ માર્ગ ઉપરથી કંટાળીને પાછુ હઠવું પડેછે; એટલુંજ નહીં, પણ કોઈવાર તેને તે માર્ગ જીંદગી સુધી છોડી દેવો પડેછે. પણ તેમ તેને કરવું જોઇતું નથી. ધીમે ધીમે સબુરી એખ્તીયાર કરી, અને દાનાઈ વાપરી, તેને પોતાની રાહ આગળ કાપવી જોઇએ; સબબ કે જેમ એક લડાઈમાંથી પાછો હઠતો સીપાહ બચો હીચકારો ગણાયછે, તેમજ સાલેકોમાં આવી રીતનું ઢચુપચુપણું અને હારીખાવું હીચકારાપણુંજ ગણાયછે. એટલા માટે આતશની પરસ્તેસ કરનાર દરેક જણ આતશ પાસ પોતાની બંદગી કે એબાદતનાં કામમાં ઉશ્તવાર રેહેવાની શક્તિ યા ચીવટપણું માંગેછે. ખડે પગે ઉભું રહેવાનો અર્થ ખસુસ કરી કાંઈ ઉભાંજ રહીને બંદગી કરવી જોઇએ એમ નથી, સબબ કે ઉભાં રહેવા કરતાં બેસીને બંદગી કરવાથી ચિત્ત વધારે શાંત રહેછે.

આ પછી આપણુ ઉંઘની બાબદ ઉપર આવીએ છીએ. તરજુમો કરનારા ગૃહસ્થો દાહડો અને રાત મળી ૨૪ કલાકના એક ત્રતિયાંશ એટલે ૮ કલાકની ઉંઘ સામાન્ય રીતે જરૂરની ધારેછે. જઈફ અને બાળકો માટે આજના ડાકટરો તેથી પણ વધારે વખત ઉંઘ માટે આપેછે. પણ ખોદાશનાસીના અભ્યાસી માટે દાહડાનો કે રાતનો એક ત્રતિયાંશ, એટલે ૪ કલાક, પુરતા છે. એટલુંજ નહીં, પણ ખોદાશનાસીનો

અભ્યાસ યાને અમલ જેમ જેમ વધતો જાયછે, તેમ તેમ તેને ઉંઘ કમતી કરવી પડેછે, એટલાં સુધી કે છેવટે ઉંઘની તેને જરૂર રેહેતી નથી. "ઉંઘની જરૂરં નહીં" એવું શાંભલી કદાચ કોઈ અજાયબ થશે; પણ તેનો ભેદ ખુલો થતાં તે અજાયબી આપોઆપ દુર થશે. તે માટે આપણા હોશ વિશે થોડા ખુલાસાની અગત છે. સ્વપ્નામાં આપણા હોશની જે હાલત હોય છે, તેના કરતાં જાગૃત હાલતમાં તે વધારે ખબરદાર હોય છે. તેમજ ખોદાશનાસનો હોશ જ્યારે જાગૃત હાલતમાંથી એથી વધારે ઉંચી હાલતમાં બદલાઈ જાયછે, ત્યારે તે વધારે ખબરદાર થાયછે. મુકાબલો કરતાં માલમ પડશે કે જેમ જાગૃત હોશમાં આવતાં સ્વપ્નામાં જોયલી ચીજ ખોટી લાગેછે, તેમજ ખોદાશનાસનો હોશ મીનોઇ હાલત ઉપર ચઢતાં તેને આ જીંદગી, આ દુનિયાં, આ આકી હસ્તી ખોટી લાગેછે. તે જ્યારે પોતાના માર્ગમાં આગળ વધેછે, ત્યારે પોતાના હોશને ઉંઘની હાલતમાં લઈ જવાને બદલે પેલી મીનોઈ હાલતમાં લઈ જાયછે; તેથી ઉંઘાવાની મતલબ જે શરીરને આસાએસ આપવાની છે તે પાર પડેછે, એટલે તેને ઉંઘની જરૂર રેહેતી નથી, અને તે હંમેશ જાગૃત રહેછે. જેમ ઉંઘમાં પાંચે ઇંદ્રિયો ઘણું કરી સુસ્ત થઇ જાયછે, તેમજ આ હાલતમાં પણ બને છે. વળી આપણુ હમણા જાગૃત હાલતમાં જે જ્ઞાન ધરાવીએ છીએ તેના કરતાં ભાન મીનોઈ હાલતમાં જવાથી વધારે બોહોળું જ્ઞાન મળેછે, તેમજ અંત્તરદૃષ્ટિ યાને રવાનની આંખ ખુલી થતાં તરેહવાર જાતનાં નુરો અને રોશણીઓ દેખાવા માંડેછે, અને કોઈ વાર કોઈ અશો રાહબર, જેનો તમારી ઉપર સાહ્યો હોય પણ જેની તમોને ખબર પણ નહીં હોય, તેનો પાક દીદાર નજરે પડેછે. ત્યારેજ તમો જાણી શકો કે, મીનોઈ આલમમાં રેહેનારા આ રક્ષકોના ચેહેરા કાચ કે કંતાનપર ચીતારી શકાય એવા નથી, પણ બેશક બેશુમાન હજાર મરતબે બેહેતર છે. અસંખ્ય સંકટો વેઠી મેળવેલાં અમર સુખનો ભોગ આપી તમારે માટે હજી મીનોઇમાં રાહ જોતા રહેલા આ અશો રાહબરની

રોશન ખુબસુરતી, તેનો મીનોઈ ચેહેરો, તેનો તદન નીર્દોષ દેખાવ, તમારા શરીરનાં એક એક રચકણુને ખુશાલીથી ભરી નાખશે અને તે આનંદમય અસર લાંબો વખત તમારામાં રેહેશે. એવા સદ્‌ગુરુ આપણા સપેતમાન જરથુશ્ત્ર છે, તેના તમારે ભાવીક સેવક થઈ રહેવું જોઇએ. એવા અશો પુરૂષની પનાહ દરેક દીનદાર જરથોશ્તી આતશ નીઆએશ કરતી વખતે માંગે છે.

દાયાડુ મે આતર્શ પુથ્ર અહુરહે મજ઼્દાડુ! યા મે અંઘહદ અક્રુસાડુધ્‌હાડુ, નૂરેમ્ચ યવઝ્ચતાઝ્તે વહેશ્તેમ અહૂમ અષઓનામ રઓચંઘહેમ વીસ્પો ખાથ્રેમ જ઼જ઼ે ખુઇઝ઼ વંઘહાડુચ મીજ઼્દે, વંઘહાડુચ સ્રવહી, ડુરૂનએચ દરેઘે હવંઘહે.

"એ અહુરમજ઼દના પુત્ર આતશ! આપ મને તું તે [રાહબર ઓસ્તાદ] જે મારે માટે હમણા તથા હંમેશ સુધી અશોની રોશણી-વાળી, તમામ આસાનીવાળી, સઉથી સરસ દુનિયાં વિષે શીખવનાર હોય. ઉત્તમ બદલાને, ભલી વીખ્યાતીને અને મારા રવાનને માટે સંપૂર્ણ સુખની અમર હાલતને હું પોંહોચું."

હમણા આપણા જરથોસ્તીઓમાં ખોદાશનાસીનો શોખ વધ્યોછે એ ખુશી થવા જોગ વાતછે; પણ તેઓમાં કેટલાકો કેહેવાતા સાધુ-સંતોની શોધમાં ફરેછે તે ઠીક દીસતું નથી. ખરા સાધુ-સંતો બજારે બજાર કે શેહેરે શેહેર ભટકતા નથી. ઘટતે વખતે તેઓ પોતે આપણી આગલ હાજર થાયછે. શેહેરે શેહેર ફરતા સાધુઓમાનાં કેટલાકો, જેઓનો મુકાબલો અલબત ભભુતી ચઢાવેલા સંખ્યાબંધ કકરી જતા હિંદુસ્તાનનાં નકલી સાધુઓની સાથ કરી શકાય નહીં, તેઓ પણ રાહબર ઓસ્તાદનાં જે લક્ષણો છે, તે લક્ષણોમાં પુરા માલમ પડતા નથી. તેઓમાં કાંઇને કાંઈ ખાંમીઓ નજર આવેછે; કારણકે તેઓ આ દુનિયાંમાં રેહેવાથી તેઓની સાથ કાંઈ નહીં ને કાંઈ વલગાણુ હોયછે. એટલા માટે ગુરૂ શોધવાનો જે ખરો માર્ગછે તે માર્ગ દરેક

જરથોશ્તીએ શોધવાની કોશેશ કરવી જોઇએ—અને તે માગ તે આપણું અંતઃકરણ છે. તે ચોખું થતાં આપોઆપ તેમાંથી આપણને જોઇતાં ફ્રરમાનો, જોઈતું જ્ઞાન, જોઇતી તાલીમ મળશે—પછી તે ફરમાન મહા સદ્દગુરુ જરથોશ્ત જેવા અશો અમર નરની તરફથી હોય, યા ખુદ આ આતશ તરફથી હોય. કારણ કે આપણું અંતઃકરણ એ આ આતશની કેબલેગાહ છે—આપણું અંતઃકરણ એ આ આતશને પરઠવાનો ગોફોછે, કે જે ગોફામાં કવોઇશિ હુઓસ્રવંઘહહે (પાદશાહ કેખશરૂએ) આદર ગુશસ્પ, જેને સાધારણ રીતે વીજળીનો આતશ ગણવામાં આવેછે, પણ જે આતશ આત્મીક હોવો જોઈએ, તેને તખ્તનશીન કીધો હતો. ગોફો આ એકજ નથી, ગોફા એવા સાત હોવા જોઈએ, સબબ કે અંતઃકરણને સાત એવા ગોફા જણાવામાં આવેછે, અને કદાચ બુનદેહશના શીક્ષણને મીનોઈ રૂપ આપતાં તે મળી આવશે. આ મારૂં કેહેવું સાધારણ માણસો કરતાં ખોદાશનાસીના અભ્યાસીઓને કદાચ વધારે ઉપયોગી થઈ પડશે. આપણને અહીં ધ્યાનમાં રાખવાનું છે કે અવસ્તાના મીનોઈ શીક્ષણના હાલના અર્થને મોટે ભાગે જડ રૂપ આપવામાં આવ્યુંછે, એટલે જે કાંઈ મીનોઈ હસ્તીને લગતા લોગતો તે ગેતીની હસ્તીને લાગુ કરવામાં આવ્યાછે, તેથી અભ્યાસીઓ તેના correspondences યાને ગેતીની સામેના મીનોઈ યુક્ત શોધી કાઢશે તો અવસ્તાના અભ્યાસ ઉપર મોટી રોશની ફેંકી શકશે.

આપણે ઓસ્તાદના ત્રણ દરજ્જાઓ ગણશું. આ દુનિયાંથી શરૂ કરતાં પેહેલાં આપણા સાધારણ ધર્મગુરૂ આવેછે, જેઓથી ચોકસ હાલત ઉપર અવાય ત્યાં સુધી ધર્મબોધની તાલીમ લેવી જોઇએ. ત્યારપછી, મેં આગળ જણાવ્યું તેમ, જો કોઈ ઉમેદવાર ફતેહમંદ નીવડે તો તેની રવાનની આંખ ખુલ્યા પછી તેને મીનોઈમાં તે નામવર જરથોશ્ત જેવા કોઈ રાહબરની પનાહ મળે, અને ત્રીજા દરજ્જા ઉપર પેલો આતશ ખુદ આપણો ઓસ્તાદ થઈ રહેછે; એટલુંજ નહીં, પણ તેની

ઉપર જાનફેશાની થવાથી, તેમાં આપણો હોશ ડૂબી જવાથી, આપણ પોતે પણ દુનિયાના ઓસ્તાદ અને રાહબર જેવા થઈ શકીએ.

હવે વચમાં એક બાબદ છોડી દેવામાં આવી છે તે ઉપર આવીએ. આ બાબદ ફરજંદને લગતી છે. ફરજંદનો અર્થ હાલમાં સાધારણ રીતે દીકરા-દીકરી કરવામાં આવે છે; પણ ખરૂં જોતાં દીકરા-દીકરી શરીર સાથ તાલુકો ધરાવે છે, તેટલા માટે એક ઓશતાદ પોતાના મીનોઈ જ્ઞાનના વસીલાથી અને પોતાની પરહેજગારીની અસરથી જેઓની ઉપર સારી અસર કરી તેઓને પોતાના સાગેર્દો બનાવે છે, તેઓ પણ તેના મનસીક ફરજંદ જેવાં છે. પેહેલાં ફરજંદો જ્યારે શરીરથી પેદા થાયછે, ત્યારે બીજાં મનથી થાય છે. ગમે તેમ હો, પણ બેઉ જાતનાં ફરજંદો કેવાં હોવાં જોઈએ તે ખુદ અવસ્તા પોતેજ ખુલા શબ્દોમાં કહેછે, એટલે તે ઉપર શરેહ કરવાની કશી અગત નથી. ફરજંદો એવાં જોઈએ કે, તેઓના કર્મસંજોગે તેઓની આસપાસ જે કુટુંબ મંડળ ઉભું થયું હોય તેનું પોષણ કરનારાં; ફરજંદો એવાં જોઈએ કે, જાતી અક્કલનાં—એટલે હમણાની માફક ઘણી ઘણી ચોપડીઓ ભરડી જઈ "કેલવણી પામેલા"માં નામ ખપાવનારાં નહીં, પણ સ્વતંત્રપણે વિચાર કરનારાં, જેને ઇંગ્રેજીમાં "થીંકર્સ" કેહેવામાં આવે છે તેવાં; ફરજંદો એવાં જોઈએ કે, અંજુમનમાં બેસી દાનાઈનો વધારો કરનારાં; ફરજંદો એવાં જોઈએ કે, પઈસે-ટકે ગરીબ છતાં મીનોઈ જ્ઞાનથી મોટાઈ અને ઈજત મેલવનારાં; ફરજંદો એવાં હોવાં જોઈએ કે, સંકટમાંથી [પાપમાંથી] પોતાની જાત મેહેનતે છુટકારો [મુક્તિ] મેલવનારાં અને આપનારાં; ફરજંદો એવાં હોવાં જોઈએ કે, પેહેલવાંનનાં જેવાં—એટલે નહીં કે લડાઈમાં આદમ જાતનું ખુન કરી "જીહીત" મેલવનારાં, પણ મીનોઈ જ્ઞાનનું બળ ધરાવનારાં. એવાં ફરજંદો હોય તેજ બેશક ઘરને, કુટુંબ-કબીલાને, ખાનદાનને, કસબાને, દેશને અને દેશનાં ધર્મને જેબ આપનારાં હોય. જો એવાંજ ફરજંદોની જરથોસ્તી ટોળામાં વૃદ્ધિ થાય તો, સંખ્યામાં થોડા હોવા છતાં, જરથોસ્તી ટોળો વગર હાકમાઈએ દુનિયાની હકુમત ભોગવી

શકે. એવાં ફરજંદોની વૃદ્ધિ કરવાનું કામ માબાપના પોતાના હાથમાં છે. જો માબાપો પોતે ધર્મ તરફ—અહુરમજદના કાયદા તરફ—ચાહ બતાવનારાં હોય તો તેઓનાં ફરજંદો તેથી ઉલટી ખાસીયતનાં ક્વચીતજ પેદા થાય. અને થાય તો તે વિષેનો દોશ તે માબાપો કરતાં તે દીકરા–દીકરીને પોતાનેજ ઘટે છે.

જીવતાં જીવત આતશ તરફ આપણી ફરજ શી છે, તથા તેનો અધીકાર આપણી તરફ કેવા પ્રકારનો છે, તે આપણે જોયું છે. હવે મરણ પછી એ આતશનો અધીકાર શો છે તે આપણે તપાસીએ.

વીસ્પએઇબ્યો સસ્તીમ બરઇતી આતર્શ મજ્દાઉ અહુરહે યઇબ્યો અઇમ હાંમપચાઇતે ક્ષાફ્નીમ્ચ સૂઇરીમ્ચ વીસ્પએઇબ્યો હચ ઇજ્યેઇતે હુબેરેતીમ્ચ ઉશ્તબેરેતીમ્ચ વન્ત બેરેતીમ્ચ સ્પેતમ.

"ઓ સ્પેતમાંન! જેઓને માટે તે રાતનું અને બપોરનું પકાવે છે. સર્વેને માટે હોરમજદનો આતશ શીખામણ લઈ જાયછે. તે સર્વે પાસથી ભલી ભેટો, ઉત્તમ ભેટો, મદદગાર ભેટો ઇચ્છે છે."

ખરી વાત છે કે, જાહેર આતશ બપોરનું યાને દીવસનું તેમજ રાતનું ખાનું પકાવે છે. પણ એક પેગમ્બર કે ધર્મશિક્ષક કે ખોદાની રાહ બતાવનાર નર આ દુનિયામાં આવે, તે શું માત્ર આતશ રાતનું અને બપોરનું ખાનું પકાવે છે એવું શીખવવા હોય? તેતો એક બાળક કે બબરચી પણ જાણે છે. પણ એમાં કાંઈ ગુપ્ત ભેદ સમાયલો હોવો જોઈએ, અને ખરેખર તેમજ છે. જ્યારે આપણે આતશને મીનો પ્રકાશ લઈએ છીએ—જ્યારે આપણે એને અહુરમજદની રોશની તરીકે ગણીએ છીએ—ત્યારે તે ગેબી પ્રકાશ રાતનું અને બપોરનું ખાનું પકાવે તે શું હશે? આપણી આ ખનીરથ (પૃથ્વી) ઉપરની જીંદગી આપણી હૈયાતીનો બપોર યાને દિવસ છે; અને એ જીંદગીનું ખતમ થવું યાને મરણ પામવું એ જીંદગીની રાત છે. જેમ એક માણસ દિવસે કે રાત્રે ખાધા પછી પોતાનું ખાનું પચાવે

છે, તેમ આ દુનિયાંમાં સુખ-દુઃખથી માણસ જે અનુભવ મેલવે છે—કે જે અનુભવ આપણી ખરી કેલવણી છે, જે અનુભવ આપણું ખરૂં જ્ઞાન છે—તે અનુભવને મરણ બાદ પચાવાને બેહેશ્તની હાલતમાં જે ક્રીયા ચાલે છે, તે વિશે આ ઈસારો છે. પોતાના રૂડાં કામો અને નેક ખાહેશોનો ખુશનુમા ખોવાબ દરેક માણસ પોતે પોતાને વાસ્તે બનાવેલાં બેહેસ્તમાં ખરેખર જોય છે, અને તે રોશન સુખ, જે ખરી રામશની છે, જે જીવતી રામશની છે, તે આ આતશમાં રહીને તે ભોગવેછે. નેકીનો તે હદીયો, નેકીની તે ભેટો, આ આપણો મીનોઈ આતશ મેળવે છે અને પચાવે છે. આપણી નેકી, આપણા સદ્‌ગુણો, આપણી ભલી ખાહેશો, એ તેનો ખોરાક છે, અને તે તે પચાવે છે.

મરણ પછી માણસના શરીરનાં બાકી તત્વો છુટાં પડી ગયા પછી, બાકી ઇચ્છા અને બુરા હવસોથી ભરેલું હવાઈ કાલબુદ જમીનનાં આકર્ષણમાં રહેછે, તે પણ ધીમે ધીમે જ્યારે પીગલી જાય છે, ત્યારે રવાન પેલી આતશી ત્રીકુટીમાં જઈ વાસો કરેછે, અને ત્યાં પોતાનાં બેહેસ્તનો લાભ હાંસલ કરેછે.

વીસ્પનામ પર ચરેન્તાંમ આતર્શ જસ્ત આદેદય. ચેમ હખ હપે બરફ્તે ફ્રચરેથ્વાઉ અર્મેષાઈદે. આત્રેમ સ્પેન્તેમ યજમઈદે તખ્મેમ હન્તેમ રથેશ્તારેમ.

"તમામ આવનારાઓના હાથ તરફ આતશ નજર કરેછે. ચાલતો દોસ્ત બેઠેલા દોસ્તને માટે શું લાવેછે. વૃદ્ધિ કરનાર, જોરાવર, રોશન, લડવૈયા આતશને અમો આરાધીએ છીયે."

તમામ આવનારાંઓના હાથ તરફ આતશ નજર કરેછે કે ચાલતો દોસ્ત જે રવાન છે, જે રથેશતાર એટલે લડવૈયો છે, તે બેઠેલા દોસ્ત, એટલે અહુરમજદના પુત્ર આતશ માટે શું લાવેછે. આપણું રવાન, જે પણ એક આતશ છે, તે આપણે માટે રાતને દીન, આપણી બુરાઈ, આપણા બુરાં કામો, બુરા ખવાસો, બુરી ખાસીયતો અને બુરા હવસો સાથે લડવાને તતપર છે; સબબ કે તેનામાં સમજ

અને ખરૂં-ખોટું પારખવાની શક્તી છે. તે માટે તેને અહીં લડવૈયો કહ્યોછે. પણ આપણ પોતે, એટલે આપણું સ્વાર્થી મન, તેને મદદ આપવાને બદલે, જો એહેરેમંદીની બાજુમાં રહી, રવાનના રસ્તામાં અટકાવ નાખ્યા કરે—કે જેમ ઘણું કરી હમણા સાધારણ રીતે થાયછે—તો અંતઃકરણની હાલત જેવી જોઇએ તેવી રેહેતી નથી, અને તેથી આપણ અહુરમજદના પ્રકાશથી બેનસીબ રહીએ છીએ.

આતશના ત્રણ પ્રકારો આથ્રવન, રથેશતાર અને વાસ્ત્રીઓશ છે. આતશ નીઆએશની છેવટે ગુશસ્પ, ફરોહબા અને મેહેર-બુરજીન નામના આતશો આવેછે, તેને સાધારણ રીતે અથોરનાન, રથેશતારાન અને વાસ્ત્રીઓશાન, એટલે મોબેદો, પેહેલવાનો અને ખેડુતો પર મવક્કલ ધારવામાં આવેછે. **બુનદેહેશ**માં જણાવા મુજબ આ ત્રણ આતશો અને જમીનનો જાહેર આતશ મળી આતશ બેહેરામનું સ્વરૂપ બનેલું છે, અને ત્રણ "**દમલેતાં** રવાનો"* આ આતશોમાં ગોઠવાયલાં છે, યાને આતશ બેહેરામનો આતશ આ ત્રણ આતશોના જાહેર રૂપ જેવો છે. એક શરેહ કરનાર ગ્રહસ્થ જણાવે છે કે મીનો આતશના ઉપલાં ત્રણ "દમ લેતાં રવાનો" (યાને ત્રેવડું રવાન) તેઓના પ્રતિનીધિ જમીનના ત્રણ આતશો ગુશસ્પ, ફરોહબા અને મેહેર-બુરજીનમાં મળી આવેછે. વળી આતશ બેહેરામ, આતશ આદરાન અને આતશ દાદગાહમાં પણ આપણ એ ત્રણ આતશોના દરજ્જા જોઈ શકીએ. પરંતુ એરવદ ઝદ સ્પ્રારમના ચુટી કાહડેલાં પેહેલવી લખાણો જે **બુનદેહેશ**નાં ઇંગ્રેજી તરજુમા પછવાડે આપ્યાં છે, તેમાં આ ત્રણ આતશોને પોતાનેજ આથ્રવન, રથેશતાર અને વાસ્ત્રીઓશ ગણ્યા છે; અને તે ઉપરથી એવું માલમ પડે છે કે આ ત્રણુડે આતશો દરેક માણસમાં ગુપ્ત રીતે રહેલા છે. દરેક માણસ તેનો પોતાનો અથોરનાન, તેનો પોતાનો લડવૈયો, તેનો પોતાનો ખેડુત છે. દરેક માણસમાં આ ત્રણુડે આતશોમાંનો એક તેને જ્ઞાન આપેછે; બીજો તેના નીચ હવસો (અડ-રેમેન્યુશ) સામે લડે છે; અને ત્રીજો

* યોગ વિધા મુજબ "ત્રણ ચારો" જે ઈડા, પીંગળા, અને શુશુમણા નાડીઓમાં છે તે ?

નેકીનો પાક ઉતારી તે હદીયો ઉપરના આતશમાં લઈ જાય છે. એટલા માટે ફ્રવરદીન યશ્ત અને બીજા અવસ્તામાં આપણે જરથોશ્ત સાહેબને આથ્રવન, રથેશતાર અને વાસ્રીઓશ ત્રણુડે એલકાબથી ઓલખાતા જોઈએ છીએ. તેથી આપણુને લાજેમ છે કે, તે અશો નરના પગલાં ઉપર ચાલી આપણે પણ આપણા આથ્રવન, રથેશ્તાર અને વાસ્રીઓશ બનીએ. પણ આ માટે અંતઃકરણ ચોખું હોવાની જરૂર છે.

જીવતાં જીવત આપણે જેને અંતઃકરણ કહીએ છીયે, તે કોઈ ચીજ નથી, પણ એક મીનોઈ પુલ છે, જેને આપણે **ચીનવદ પેરેતુ** કરીને કહીએ છીયે. તે ગેતી અને મીનોને જોડનારૂં સાધન છે. જીવતી હાલતમાં માણસમાં ઉપલો આતશ [Divine Ego] અને રવાન [Human Ego] જુદાં હોયછે, જે મરણ પછી બેહેસ્તમાં કે આંજાદગીમાં જીવતાં જીવત અહુરમજદમાં એક મળી જાયછે. એની સહમજ આપણે ખુદ આતશ બેહેરામના કેબલાથી લઇશું. ધારોકે કેબલે-ગાહની વચો વચમાં પવિત્ર આતશ છે અને તેની રોશની કેબલેગાહની દેવાલ ઉપર પ્રકાશે છે. પવિત્ર આતશને મીનોઈ આતશ [Divine Ego] ધારો, દેવાલને શરીર ગણો, અને દેવાલ ઉપર જે રોશની છે તે માણસનું મલીન મન [Lower Manas], જે શરીરમાં બંધ (કેદ) પડેલું છે તે, યાને મનનું શરીર તરપ્, ખાક તરપ્, ગેતી તરપ્ ખેંચાતું રૂપ ગણો. હવે આતશ અને દેવાલ વચેના વાતાવરણનો જે ભાગ આતશના કીરણને દેવાલ તરપ્ લઈ જાયછે તે અંતઃકરણ યા પુલ છે, અને કીરણ પોતે રવાન [Human Ego] છે, જેમાં સમજશક્તિ અને વિવેક યાને ખરૂં ખોટું પારખવાની શકિત રહેછે. આ કારણને લીધે દેવાલ એટલે શરીરપર બુરા વિચારોથી જે બુરી છાયાઓ પડે, તેને દુર કરવાનું કામ એના હાથમાં છે. તેમજ સર્વે રોશન પ્રકાશો અને પ્રકા-શીત આભાસો પોતામાં ખેંચવાની શક્તિ પણ એમાં છે. શરીરમાંની બુરી છાયાઓને મારી હઠાવાનું અને નેકીનાં કામો (? ચીદ ફ્રરજંતીમ) વધારવાનું કામ રૂહાની જીવ અથવા રવાનનું છે. આપણો બોય દેનાર મોબેદ રવાન સમાન છે, જે આતશની ભેટો આતશ તરફ લઈ જાયછે. આ મુજબ અંતઃકરણ જો શુદ્ધ હોય—જો તેની અંદર ખાકી હવસો અને

બાકી વિચારો રૂપી ધુમાડો નહીં હોય—તો તેની મારફતે રૂહાની જીવ પેલા આતશ સાથનો પોતાનો સંબંધ વધારે મક્કમ કરતો જાયછે, અને છેવટે તેની સાથ એક થવાનો રસ્તો સેહેલો કરતો જાયછે. એ ચીનવદ પુલને પરમાર્થ, પરોપકાર અને નેકીનાં કામોથી પોહોલો કરવાનું કામ આપણા હાથમાં છે; એ ચીનવદ પુલને આ ફાની જીંદગીની એકલપેટી મોજમજાહો ભોગવી સાંકડો કરવાનું, અને પેલા આતશની સનમુખ એક નાદાર તરીકે આ પાર ઉભા રહી દુઃખમાં સબડતા રેહેવાનું કામ પણ આપણાજ હાથમાં છે.

જ્યારે શરીરમાં લપેટાયલું મન મીનોઈ આતશ યા પ્રકાશથી છુટું પડેછે ત્યારે અંતઃકરણ જેવું તેને માટે હોતું નથી, તેથી તેવાં માણસને ભીત્તરની રોશની મલતી નથી; અને જો કે પેલો આતશતો અમર છે તે છતાં તેવાં માણસને માટે તેની હસ્તી ગોયા નહીં સરખી છે. એવાં મનમાં જે જરા રતી રોશની રહેલી હોયછે, તે પણ ધીમે ધીમે ઝાંખી પડી બુજાઈ જાયછે, અને ગોયા "રવાન અહન" થાયછે. એવું માણસ મુકરર થયલા વખત સુધી જીવી, જ્યારે મરણ પામે છે ત્યારે બાકી ગુણો અને હવસોના બાકી રહેલા સમુદાય તરીકે દુજો દેમાનમાં દાખલ થાયછે. બેહેસ્તને માટે તેની પાસ કાંઇ સરંજામ નહીં હોવાથી તે એક નાદાર જેવું છે—તે આગળ વધી શકતું નથી. આવી જીંદગી આપણા હિંદુ ભાઇઓના શબ્દોમાં બોલીએ તો અવતારભ્રષ્ટ ગણાય—એટલે જીંદગી નકામી ગઈ એમ ગણાય. પણ એવું જવલેજ બને છે; સબબ કે માણસ ગમે એવું પાપી છતાં ઘણું કરી તેનામાં કાંઈ પણ સારૂં કરવાની શક્તિ હોય છે. જ્યાં સુધી તે એકબી નેકીનું કામ કરે છે, યા તેવું કામ થવાનો સંભવ હોય છે, ત્યાં સુધી ઉપલા આતશ સાથનો સંબંધ સદંતર છુટો પડતો નથી. પણ જે પલે છેલી ચીંનગારી ગેબ થાય અને તેવું કામ કરવાનો સંભવ સુધાં નહીં હોય, તે પલે તે સંબંધ છુટો થાયછે. પણ જો કોઇ સખ્સ પોતાની નજર—પોતાનું ધ્યાન—દુનિયાંમાં ચોતરફ લલચાવનાર ચીજો ઉપરથી ધીમે ધીમે ખીસાડી, પોતાના અંતઃકરણને તપાસતા

રેહેવાની ટેવ પાડે, પોતાની ચાલ ચલણને મનના ફાંટાથી દોરવવાને બદલે અંતઃકરણ તરફથી આવતી સુચનાઓને તાબે થઈ શણગારવા માડે; મનના વિચારોને મીનોઈ બનાવતો જાય; બોલવા ચાલવાથી કોઈબી જીવને દુઃખ નહીં થાય એવી રીત વાપરે; કામકાજોમાં જગતનો લાભ જોય, અને કેટલીક બીજી જરૂર જોગ તાલીમ લેવા માંડે—તો તેનાં અશો થવાથી અંતઃકરણ સાથનો તેનો સંબંધ એટલો તો ઘાડો થાય કે ધીમે ધીમે તેને તેમાંથી પેહેલાં ચિન્હરૂપી (symbolical) અથવા ભેદી (mystical) સૂચનાઓ અને વખત જતાં ખુલાં ફરમાનો જેને બસારત કેહેવામાં આવેછે તે મલતાં જાય.* અંતઃકરણની મારફતે કેળવણી મળે એ વાત કદાચ ઘણાકોને અજાયબ જેવી લાગશે, અને કોઈને કદાચ તે હસવા જેવીબી લાગે. પણ અંતઃકરણના ચમત્કારો અને અંતઃકરણની શક્તિ વિશે કોણ માહીતગાર છે? તા૦ ૧૫ મી જાનેવારી ઈ. સને ૧૮૯૪ ના "ડેલી ટેલીગ્રાફમાં" એક ઇંગ્રેજ બાનુનો દાખલો ટાંકવામાં આવ્યોછે, જે બાનુ પોતાના અંતઃકરણની મારફતે અંત્તર ગાયન શાંભળતી હતી. તેણીની ઉમર તે વેળા ૪૨ વરશની હતી. તેણી કેહેછે કે, આ ગાયન એવું તો નિરંતર ચાલ્યા કરેછે કે તેથી તે કંટાળી ગઈ છે, અને તે નહીં શંભળાય એવા ખેયાલથી તેણીએ પોતાના કાનમાં મીણના ડુચા મારવા માંડયા હતા. ગરીબ બીચારી! જે ક્રિયા અંદરથી ચાલે તેને બાહેરના ડુચા શી અસર કરી શકે? શરીર વિદ્યાના ડાકટરો, જેઓએ તેણીને તપાસી છે અને જેઓ તેણીનું કેહેવું સ્વીકારેછે, તેઓ પાસ જવાને બદલે તેણી કોઈ આબેદ કે યોગીની પાસ ગઈ હોત, અથવા તેઓથી તેણીને કેળવણી મળેલી હોત, તો તેણીએ પોતાની ભુલ જોઈ હોત. આ ગાયન વિશે નામીચો શાહેર શેકશપીયર જાણીતો હતો. તે એ વિશે જે કાંઈ કહેછે તે હવે એક કવિના મગ્જના ફાંટા તરીકે લેવામાં આવશે નહીં, પણ કુદરતની ખરેખરી સચાઈ તરીકે ગણાશે. શેકશપીયર પોતાના "મર્ચંટ ઑવ વેનીસ" ના ખેળ મારફતે આપણને સમજાવે છે કે—

* બસારત માટે જુઓ "રાહે રોશન," પુસ્તક ૨ જું, સફે ૩–૧૧.

બેહેસ્તના તક્તાપર નજર તું કર,
શાંભલ નાદ સોનેરી કીરણ અંદર,
ભરપુર જે કરેછે બેહેશ્તનું મુકામ,
વસે છે ફરેશ્તા જેમાં તમામ:
ગાયન એવું રાખે છે અમર રવાન.
પણ થઈ પડે જ્યારે તે અહિ બંધીવાન
ને સપડાય આ મટીના પીંજરાં અંદર,
નથી ત્યારે શાંભળતાં શરોદ સુંદર.

પ્ર. ૫, દે. ૧.

જો અંતઃકરણુની મારફતે એવાં ગાયન શંભલાય તો પછી અંદરથી આવતો બોધ કાં નહીં શંભળાય ?

આતશ મીનોઈ આકાશ છે એવું યજશ્નેનો ૩૬ મો હા કહેછે. તે હામાં "વૉઇ" [void ?] શબ્દ આવ્યો છે, તેથી અભ્યાસીઓ ગુચવાયા છે. આજના અભ્યાસીઓ તેનો અર્થ ગમે તે કરે. પેહેલવી વાળાઓએ તેનો અર્થ આકાશ કીધો છે તે બરહક છે. તે આકાશ યા મીનો આસમાન અહુરમજદનું પોતાનું મીનો મુકામ છે. તેમાં જે **આવાજ** છે તે અહુનવર છે, જેને ક્રીસ્ચીયનો the Word of God, કહેછે, અને આપણા હિંદુ ભાઇઓ **शब्द ब्रह्म** કહેછે. તે સર્વેની આગમચ છે—તે અહુરમજદની સાથે છે, તે અહુરમજદમાં છે, તે ગોયા અહુરમજદ પોતે છે. તેને શોધવાની કોશેશ કરો. તે કોશેશ અંતઃકરણુની મારફતે કરો. જેને પોતાના અંતઃકરણુમાંથી બોધ મલ્યો નથી, તેને બીજે કોઇ ઠેકાણેથી બોધ મલવાનો નથી; અને જ્યાં સુધી તે જડે નહીં, ત્યાં સુધી તમારાં અંતઃકરણુમાં રેહેતી તે રોશનીનો જે નમુનો અહીં મોટા ખરચ, ભારે જેહેમત, અને બહુ વિપત્તિઓ સાથ આતશ બેહેરામરૂપે પરઠવામાં આવેછે, તેમાંથી મલતા નવા નવા ધડા લેતા જાઓ, અને તેને તમારૂં શર નીચું નમાવી નમન કરો !

આતશનો ભાવીક પુજારી શું મેળવેછે તેનો એક દાખલો મને છાંદોગ્યઉપનીષદમાંથી યાદ આવેછે. ઉપકોશળ નામના એક બ્રહ્મ-

ચારીના ગુરુએ પોતાના બીજા સઘલા ચેલાઓને તેઓને ઘર જવાની રજા આપી, પણ ઉપકોશળને તે આપી નહીં. ગુરૂજી પોતે પોતાનું આશ્રમ છોડી જાત્રાએ ગયા, અને પેલા જુવાન બ્રહ્મચારીને પોતાનો અગ્નિ સોંપી ગયા. બાર વરશ સુધી ગુરુજી જાત્રામાં રોકાયા ત્યાં સુધી ઉપકોશળે પૂર્ણ ભક્તિભાવથી આતશની બરદાસ્ત કીધી. બાર વરશ પછી ગુરુ જ્યારે પાછા ફર્યા ત્યારે પોતાના ચેલાની પેશાની ઉપર તેઓએ પેલી રોશની જોઈ કે જે રોશની અશો મરદોની પેશાની ઉપર પ્રકાશે છે. આથી ગુરુએ પેલા ચેલાને પુછયું, "બેટા, તારા મોહોપર બ્રહ્મને જાણનારના જેવું તેજ પ્રકાશે છે; એ દીક્ષા તને કોણનાથી મળી?" ચેલાએ એક ચેલાની ખરેખરી નમન્તાઇથી સર નીચું નમાવી પેલા અગ્નિ તરફ આંગળી દેખાડીને કહ્યું, "મને કોણ શીખવતું હતું, ગુરુજી?" આતશ સીવાય તેની પાસ બીજું તો કોઈ હતુ નહીં, એટલે આતશ સીવાય બીજું કોણ શીખવે? ગુરુએ પુછયું, "શું, બેટા, ત્યારે અગ્નિએ તને શીખવ્યું?" ચેલાએ જવાબ દીધો, "હા, ગુરુજી." આથી ગુરુજી પ્રસંન થઈ ગયા, અને કહ્યું કે, "બેટા, અગ્નિએ તને સર્વ આસમાંનોનો ભેદ જાહેર કીધો છે; હું પણ હવે તે વિશે તને કહું: જેમ કમળ ફુલ પાણીમાં ઉગવા છતાં પાણી તેને લાગતું નથી, તેમ જે કોઈ આસમાનોના ભેદો જાણેછે, તેને પાપ અડી શકતું નથી."

બાર વરશ સુધી જેનું ધ્યાન આતશપર પુર ભક્તિભાવથી ચોંટી બેઠું હોય—બાર વરશ સુધી આતશ સીવાય જેના મનમાં બીજો કોઈ વિચાર દાખલ થયો નહીં હોય—તેના મનની હાલત કેવી પ્રકાશીત હોવી જોઈએ તેનો ખ્યાલ સર્વે જણોના મનમાં એકાએક આવે નહીં. માણસની હાલત આ મુજબ ફેરવાઈ જઇ માણસ ફરેશતા જેવો બની જાય તેમાં નવાઈ નથી. કારણકે જાહેર આતશ મીનોઈ આતશનું પ્રગટ રૂપ છે, અને મીનોઈ આતશ માણસનો આત્મા અને ગુરુ છે, જે સઘળું આપણ આતશ નીયાએશમાં જોઈ આવ્યા છીએ.

સાઈમન મગુસ જ્યારે હસ્તીના સઉથી મૂળવગરનાં મૂળને પણ આતશ સમજાવેછે, ત્યારે તે આતશની પરસતેશ કરવામાં કાંઈ શરમ

છે ? જે ખરેખર નસીબવાન હોય તેજ તે આતશની પરસ્તેશ કરે અને તે ઉપર જાનફેશાની કરે. આપણો **અથોરનાન** શબ્દ જે આથ્રવનનો અપભ્રંશ છે, તેનો ખુદ અર્થજ આતશપર જાન ફીદા કરનાર થાયછે, અને જરથોશ્ત સાહેબ એવા એક આથ્રવન હતા. તે માટે મીસીસ બેઝાંટના શબ્દોમાં થોડા સખુનો બોલી આ બાબદ ખતમ કરૂંછું:—

“ મારા પારસી ભાઈઓ,—તમારા પેગંબર મરણ પામ્યા નથી: તે અમર છે. જે ધર્મ તેઓએ સ્થાપ્યો છે, તે ઉપર તે હજી નેગાહ રાખી રહ્યા છે, અને તે ધર્મને તેની હાલની પડતી દશામાંથી બાહાર આણવાને, તે ધર્મનું અસલી જ્ઞાન અને ગુમ થયલી શક્તિ તેને પાછી સપુરદ કરવાને, તે સદા તક જોતા રહ્યા છે. પોતાના ભાઇબંધોને પૈરવીમ એટલે અવલ આતશથી ભરપુર કરવાના કામ કરતાં—પોતાના અંત:-કરણનાં પવિત્ર પાત્રાં ઉપર તે આતશ ફરીથી સળગાવવાનાં કામ કરતાં—આજના એક જરથોશ્તી માટે બીજું કયું કામ બુલંદતર છે? પોતાના પવિત્ર અવસ્તા કલામોનો અભ્યાસ કરવા કરતાં, અને એક વઅજ કરનાર પોતાના હમદીનોને જે શક્તિ તથા સત્તા સાથ શીખવી શકે છે તે સત્તા અને શક્તિવડે અસલી બોધ તેમને ફરી શીખવવાનાં કામ કરતાં, બીજું કયું કામ વધારે બુલંદ છે? તે આતશ બીલકુલ બુજાઇ ગયો નથી. તે તેના પુરાતન પાત્રાં ઉપર માત્ર પજરતો રહેલો છે; ખાક હમણા ભડકું લઈ ઉઠે એવી ગરમ રહેલી છે; અને હું એક એવા દીવસનો ખુવાબ જોઉં છું કે, જ્યારે મ્હાન પેગંબર જરથુશ્ત્રનો દમ તેમની દીનનાં પાક મુકામોમાં ફેલાતો થશે; અને પુરાતન મુકામોનાં પાત્રાંપરની ખાકને પવનની લેહેર ધાળશે; અને એકે એક પાત્રું આતશથી ઝગઝગતું થશે, અને એક વાર ફરીથી આસમાનમાંથી આતશ નીચે ઉતરશે; અને એર્યન ધર્મને તે જેવો હતો તેવી હાલત-માં લાવશે; અને માણુસના રવાનને સચાઈની રાહ દેખાડનાર રોશન ચેરાગ સમાન દુનિયાનાં સૌથી મ્હાન ધર્મોમાંના એક ધર્મ તરીકે તે એક બુલંદ રૂપ લેશે ! ”

(૧) અહ્યા થ્વા આથ્રો વૅરૅજૅના પઔરૂયે પઇરેજસા મઇદે મજદા અહુરા થ્વા થ્વા. મઇન્યુ સ્પેનિસ્તા એઇ આ અષ્તીશ અહ્માઈ એઇમ અષ્તોયો દાયૅઘહે.

(૨) ઉર્વાજીશ્તો હુવોના યેઆ તાયા પઇતિ જમ્યાઉ આ-તરે મજદાઉ અહુરહ્યા ઉર્વાજીશ્તહ્યા ઉર્વાજયા નામિ-શ્તહ્યા નેમંઘહા નાઉ મજેશ્તાઇ યાયંઘહામ પઇતે જમ્યાઉ.

(૩) આતર્શ વૉઇ મજદાઉ અહુરહ્યા અહી મઇન્યેઉશ વૉઈ અહ્યા સ્પેનિશ્તો અહી યેયત્ વા તૉઈ નામનામ વાજીશ્તૅમ્ આતરે મજદાઉ અહુરહ્યા તા થ્વા પઇરે-જસામઇદે.

(૪) વોહુ થ્વા મનઘહા વોહુ થ્વા અષાવઘહુયાઉ થ્વા ચિસ્તોઇશ શ્યોથનાઈશ્ચા વચૅજીશ્ચા પઇરેજસા-મઇદે.

(૫) નેમએયામહી ઇશોઇદયામહી થ્વા મજદા અહુરા વીસ્પાઇશ થ્વા હુમતાઇશ વીસ્પાઇશ હુખ્તાઇશ વી-સ્પાઇશ હ્વર્શતાઇશ પઇરેજસામઇદે.

(૬) સ્રએશ્તામ અદ તૉઇ કૅહૅર્પૅમ કેહપૅામ આવએ-દયમહી મજદા અહુરા ઇમા રઓચાઉ બરેજીશતૅમ બરૅ-જૅમનામ અવદ યાત હ્વરે અવાચી.

(૧) એ મજદ અહુર! આ આતશની મારફતે અમો તુનેજ, તુનેજ સૌથી પેહેલાં પોંહોચીએ. એ ઘણુજ વૃદ્ધિ કરનાર મીનો! જે કોઈ આતશને આજુરદે કરેછે તે નુકશાન પાંમે છે.

(૨) સુખીઓમાં ખરો સુખી તે છે, એ અહુરમજદના આતશ, જેની આગળ તું મોહોબતથી આવેછે. કામોમાંનાં મોટાં કાંમ (અમરગી) ને માટે તું અમોને પોહોંચ.

(૩) આતશ અહુરમજદનું આકાશ છે, આતશ મીનો આકાશ

છે. નામોમાં તારૂં નામ વાજીસ્ત છે—ઓ અહુરમજદના આતશ! અમો તુને પોંહોચીએ!

(૪) ભલાં મનથી, ભલી અશોઇથી, ભલાં ડહાપણનાં સખુનોથી, અમો તુને પોંહોચીએ.

(૫) ઓ મજદ અહુર! અમો તુને નમીએ, અમો તુને આરાધીએ! તમામ ભલા વિચારો, તમામ ભલા સખુનો, તમામ ભલાં કામોથી, અમે તુને પોંહોચીએ.

(૬) ઓ મજદ અહુર! બુલંદ રોશનીઓમાં બુલંદ રોશની જે આ ખોરશેદ છે, તેને સ્વરૂપોમાંનાં તારાં સૌથી સોહામનાં સ્વરૂપ તરીકે અમો આરાધીએ!

યજશને, હા ૩૬ મો.

સરનશીન દસ્તુરજી જામાસ્પજીએ ઉપલાં ભાષાણને દીનદારી, એલમીઅત અને ફીલસુફી ભરેલું જણાવ્યું હતું.

"અને વધુ તુને એ કહું, ઓ સ્પીતમાન જરથુસ્ત્ર! કે જે માણુસ પોતાના શરીરનાં સુખને માટે અરજ [બંદગી] કરશે તે પોતાના રવાનનો છુટકારો કરવાને શક્તિવાન થનાર નથી: સબબ કે તેનું શરીર ગોયા ડોંગુ અને તેનું રવાન ગોયા ભુખુ અને દોજખ [શરીર] માં નાતવાન છે. પણ જે માણુસ પોતાનાં રવાનને માટે અરજ [બંદગી] ગુજારશે તેનું શરીર, દુનિયાની કંગાલીયત અને ઉજ્રડપણાને લીધે, ભુખુ અને નાતવાન રેહેશે, પણ તેનું રવાન બેહસ્તમાં ખીલતુ જશે."—[**બહમન યશ્ત.**]